RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 08-10-2026 | VOL : 12 | Issue : 203 | Page : 8 | Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

દરેક દિવસ નવી તક લઈને આવે છે. જીવનમાં કોઈપણ વસ્તુ અશક્ય નથી, જો પ્રયત્ન સાચો હોય.

3  સુશાસનનો મહાસાગર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પગપાળા 'સેવા જ્યોતિ...

4  ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે દેશભરમાં રોષ...

6  મારી ચોલી 6 લોકોની ચર્ચાનો વિષય બની ગઈ: કૃતિ સેનન

7  4 વર્ષ સુધી વેદના સહી પણ ગુસ્સો ન ગુમાવ્યો: ભૂવનેશ્વર કુમાર

## પ્રિયંકા ગાંધી સાથે પોલીસની ઝપાઝપી

# જંતર-મંતર પાસે ભારે ઘર્ષણ; રાહુલ ગાંધીની બળજબરીપૂર્વક અટકાયત

### પ્રિયંકા ગાંધીએ મહિલા પોલીસકર્મીઓ પર નખ મારવાનો અને જમીન પર પટકી દેવાનો આક્ષેપ કર્યો હતો. વિપક્ષે CECના રાજીનામા સુધી આંદોલન ચાલુ રાખવાનો નિર્ધાર કર્યો છે

નવી દિલ્હી

દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વિપક્ષી ગઠબંધન INDIA બ્લોકનું વિરોધ પ્રદર્શન હાઈવોલ્ટેજ ડ્રામામાં ફેરવાઈ ગયું હતું. જંતર-મંતર જવા નીકળેલી વિપક્ષી સાંસદોની કૂચને પોલીસે અધવચ્ચે રોકી દેતાં જોરદાર ઘર્ષણ થયું હતું. આ દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા સહિતના અગ્રણી નેતાઓની પોલીસે બળપ્રયોગ કરીને અટકાયત કરી



**રાહુલે કહ્યું- CECની નિમણૂક ગેરકાયદેસર, રાજીનામું ન આપે ત્યાં સુધી નહીં અટકીએ**

લીધી હતી. પ્રિયંકા ગાંધીએ મહિલા પોલીસકર્મીઓ પર નખ મારવાનો અને જમીન પર પટકી દેવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો અને વિરોધમાં રસ્તા પર સૂઈ ગયા હતા. મતદાર માહિતી પોલીસ જે બસમાં રાહુલ ગાંધી સહિતના વિપક્ષી નેતાઓને બેસાડીને લઈ જઈ રહી હતી, તે બસને કોંગ્રેસના આક્રોશિત કાર્યકરોએ અધવચ્ચે ઘેરી લીધી હતી અને આગળ વધતી રોકવા માટે તેના ટાયર પંચર કરી નાખ્યા હતા. કાર્યકરોના આ આક્રમક વિરોધને પગલે રસ્તા પર ભારે અફરાતફરી સર્જાઈ હતી અને પોલીસ કાફલો થોડા સમય માટે ત્યાં જ થંભી ગયો હતો. પોલીસ દ્વારા વિપક્ષી નેતાઓની અટકાયત કરી લેવા છતાં INDIA બ્લોકનો આક્રોશ યથાવત્ છે. ચૂંટણી પંચ સામે મોરચો માંડીને બેઠેલા સાંસદોએ સ્પષ્ટ કર્યું છે કે, જ્ઞાનેશ કુમાર જ્યાં સુધી રાજીનામું નહીં આપે ત્યાં સુધી આ વિરોધ આંદોલન અટકશે નહીં. વિરોધ સ્થળેથી અટકાયત કરાયા બાદ લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી તેમજ અન્ય તમામ વરિષ્ઠ વિપક્ષી સાંસદોને ભરેલી દિલ્હી પોલીસની બસ ઘટનાસ્થળેથી રવાના થઈ ગઈ હતી અને તમામને સુરક્ષિત સ્થળે કસ્ટડીમાં ખસેડવામાં આવ્યા હતા. જંતર-મંતર પાસે થયેલી ભારે અફરાતફરી અને ઘર્ષણ બાદ પોલીસે સમગ્ર સ્થિતિ કાબૂમાં લેવા માટે રાહુલ ગાંધી સહિત INDIA બ્લોકના તમામ સાંસદોને વાહનોમાં બેસાડીને વિરોધ સ્થળ પરથી દૂર લઈ જવાની કાર્યવાહી પૂર્ણ કરી હતી.

## એક નજર...

### સોનાલી રાઉતનો બિકિનીમાં ગ્લેમરસ અંદાજ વાયરલ થયો



અભિનેત્રી સોનાલી રાઉતની બોલ્ડ તસવીરો સોશિયલ મીડિયા પર આગ લગાવતી રહે છે. ફેન્સને અભિનેત્રીનો દરેક લુક પસંદ આવે છે. સોનાલી તેના સિઝલિંગ અવતારથી ચાહકોના હૃદયના ધબકારા વધારી દે છે. તાજેતરમાં, અભિનેત્રીએ બિકીનીમાં કેટલાક ફોટોગ્રાફ શેર કર્યા હતા.

# શું BJP ગૃહયુદ્ધ કરાવવા માગે છે: CJP

### પ્રધાનના રાજીનામા માટે 36 દિવસ સુધી ધરણાં કર્યા, CEC જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ 10 ઑક્ટોબરથી પ્રદર્શન

નવી દિલ્હી

સીજેપીના પ્રવક્તા સૌરવ દાસે કહ્યું કે ભાજપ પોતાના કાર્યકર્તાઓને કહી રહી છે કે દિલ્હી પહોંચીને પથ્થરમારો કરો. લાઠીઓ ચલાવો. શું સરકાર દેશમાં ગૃહયુદ્ધ ઈચ્છે છે? અમે સરકારને ચેતવણી આપીએ છીએ કે સુધરી જાઓ. દેશનો યુવા જવાબદારી માગી રહ્યો છે. અગાઉની ભૂલનું પુનરાવર્તન ન કરો. વાસ્તવમાં, દિલ્હીના પ્રેસ ક્લબમાં કૉક્રોચ જનતા પાર્ટી અને ડાબેરી વિદ્યાર્થી સંગઠનોએ બુધવારે પ્રેસ કૉન્ફરન્સ યોજી હતી. તેમણે વધુમાં કહ્યું કે જ્ઞાનેશ કુમારને માત્ર હટાવવામાં ન આવે, પરંતુ તેમની સામે કેસ પણ દાખલ કરવામાં આવે અને તેમને સજા



મળે. એક સ્વતંત્ર સમિતિ તેમની અને તેમના નિર્ણયો અંગે તપાસ કરે. 10 ઑક્ટોબરે કૉક્રોચ જનતા પાર્ટી દિલ્હીના જંતર-મંતર ખાતે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા માટે પ્રદર્શન કરવાની છે. 20 જૂનથી 25 જુલાઈ સુધી કૉક્રોચ જનતા પાર્ટીએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે 36 દિવસ સુધી દિલ્હીના જંતર-મંતર ખાતે પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન કાર્યકર્તા સોનમ વાંગચુક પણ ભૂખહડતાળ પર બેઠા હતા.

મહિલા પ્રદર્શનકારીઓ સાથે ગેરવર્તન: સૌરવ દાસે કહ્યું કે દિલ્હી પોલીસના પુરુષ પોલીસકર્મીઓ મહિલા પ્રદર્શનકારીઓ સાથે ગેરવર્તન કરી રહ્યા છે. દિલ્હી પોલીસમાં રહેલા અને પૈસાના જોરે ભરતી કરાયેલા આવા કોઈપણ દરિંદાઓને છોડવાના નથી.

## ભાઈ રાહુલ ગાંધી માટે બહેન પ્રિયંકા ગાંધી સ્ટ્રીટ ફાઈટરની જેમ ગેટ પર ચઢી ગયા

દિલ્હીમાં 6 ઓક્ટોબરે INDIA બ્લોકના વિપક્ષી સાંસદોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે સંસદથી ચૂંટણી પંચની કચેરી સુધી કૂચ કરી. રાહુલ ગાંધીની આગેવાનીમાં યોજાયેલા આ પ્રદર્શનમાં પોલીસ સાથે ઘર્ષણ અને અટકાયત બાદ કિંગ્સવે કેમ્પમાં હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો. પ્રિયંકા ગાંધી ભાઈને મળવા ડિટેન્શન



સેન્ટરના ગેટ પર ચઢી ગયાં, જેને પગલે પોલીસે ગેટ ખોલવો પડ્યો. દિલ્હીમાં 6 ઓક્ટોબરે INDIA બ્લોકના વિરોધ પ્રદર્શન દરમિયાન રાજકીય માહોલ ગરમાયો હતો. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વિપક્ષી સાંસદોએ સંસદથી ચૂંટણી પંચની કચેરી તરફ કૂચ કરી હતી. રાહુલ ગાંધીની આગેવાનીમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ સાથે ઘર્ષણ અને અટકાયત બાદ મોડી રાત્રે કિંગ્સવે કેમ્પમાં પણ હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. રાહુલ ગાંધી સહિત વિપક્ષના અનેક નેતાઓને પોલીસે કસ્ટડીમાં લઈને ન્યૂ પોલીસ લાઈન, કિંગ્સવે કેમ્પ ખાતે રાખ્યા હતા.

## NEWS TRACK

### 2026ના કેમિસ્ટ્રી નોબેલ ફ્રાન્સ-જાપાનના વૈજ્ઞાનિકોને મળ્યો: 100 વર્ષ જૂનો કોયડો ઉકેલ્યો હતો

2026નો કેમિસ્ટ્રી નોબેલ પુરસ્કાર ફ્રાન્સના વૈજ્ઞાનિક હેનરી બી. કાગન અને જાપાનના કેન્સો સોઈને આપ્યો છે. બંને વૈજ્ઞાનિકોએ રસાયણશાસ્ત્રની લગભગ 100 વર્ષ જૂની મૂંઝવણ ઉકેલી છે. હેનરી બી. કાગન અને કેન્સો સોઈ એ સમજાવવામાં મોટી મદદ કરી છે કે મિરર ઈમેજ જેવા દેખાતા બે અણુઓમાંથી માત્ર એક જ અણુ કેવી રીતે બનાવી શકાય છે. આ શોધ ખાસ કરીને દવાઓ બનાવવામાં કામ આવશે. નોબેલ પુરસ્કારના વિજેતાઓને ડિસેમ્બરમાં સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં સન્માનિત કરવામાં આવશે. તેમને મેડલ, ડિપ્લોમા અને પુરસ્કારની રકમ આપવામાં આવશે. 2026માં નોબેલ પુરસ્કારની રકમ લગભગ 11.5 કરોડ રૂપિયા છે. તેને સરળ રીતે સમજો. આપણા બંને હાથ લગભગ એકસરખા દેખાય છે, પરંતુ ડાબો હાથ જમણા હાથની જગ્યા લઈ શકતો નથી. કેટલાક અણુઓ પણ આવા જ હોય છે. તેમના બે રૂપ હોય છે અને બંને એકબીજાની મિરર ઈમેજ હોય છે. હવે સમસ્યા સમજો. વૈજ્ઞાનિકો જ્યારે આવા અણુઓ બનાવે છે.

### ભારતીય ક્રૂ વાળા ઓઇલ ટેન્કર પર 48 કલાકમાં ત્રીજો હુમલો: બ્લેક સીમાં 2 હુમલા

રશિયાના બ્લેક સી કાંઠા નજીક એક તેલ ટેન્કર પર દરિયાઈ ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો. હુમલા બાદ ટેન્કરમાં આગ લાગી ગઈ. ટેન્કર પર 23 લોકોનો ક્રૂ હતો. બધા ભારતીય નાગરિકો હતા અને તેમને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા. રશિયાના પરિવહન મંત્રાલય અનુસાર, લાઈબેરિયાનો ધ્વજ ધરાવતા આ ટેન્કર પર હુમલા બાદ બ્લેક સીના પાણીમાં કાચું તેલ સળગ્યું. તેના કારણે રશિયાના રિસોર્ટ શહેર સોચીના કેટલાક વિસ્તારોમાં આકાશ કાળા ધુમાડાથી ઢંકાઈ ગયું છે. છેલ્લા 48 કલાકમાં ભારતીય નાવિકો ધરાવતા જહાજોને નિશાન બનાવવાની આ ત્રીજી ઘટના છે. આ પહેલા 5 અને 6 ઑક્ટોબરે હોર્મુઝ સ્ટ્રેટ અને બ્લેક સીમાં પણ ભારતીય નાવિકો ધરાવતા જહાજો પર હુમલો થયો હતો. આ હુમલાઓમાં કોઈ ભારતીયનું મૃત્યુ થયું નથી. હોર્મુઝ સ્ટ્રેટમાં પનામાના ધ્વજવાળા વેપારી જહાજ પર હુમલો થયો હતો. જહાજમાં કુલ 19 લોકો સવાર હતા. તેમાં 17 ભારતીય નાગરિકો હતા.

## SIRમાંથી 30 મુસ્લિમોના નામ કાઢી નાખવા પહેલાથી જ પ્રિન્ટ કરેલા ફોર્મ-7 જમા કરાવતો ભાજપનો એજન્ટ પકડાતાં FIR

હૈદરાબાદ

તેલંગાણામાં મતદાર યાદીમાંથી નામ હટાવવા માટે કથિત રીતે બોગસ ફોર્મ-7 જમા કરાવવા મામલે પ્રથમ FIR નોંધવામાં આવી છે. હૈદરાબાદના ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનમાં ભાજપના એક બૂથ લેવલ એજન્ટ (BLA) વિરુદ્ધ આ કાર્યવાહી કરવામાં આવી છે. આરોપ છે કે તેણે મુશીરાબાદ વિધાનસભા મતક્ષેત્રના 30 લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવવા માટે ફોર્મ-7 જમા કરાવવાનો પ્રયાસ કર્યો હતો. આ તમામ મતદાતાઓ મુસ્લિમ હોવાનું કહેવાય છે. આ કાર્યવાહી રાજ્યમાં મતદાર યાદીના વિશેષ ગહન પુનરીક્ષણ (SIR) હેઠળ દાવા અને વાંધાઓ નોંધાવવાની પ્રક્રિયા પૂરી થવાના એક દિવસ પહેલા થઈ છે. એક અહેવાલ પ્રમાણે પોલીસે ભાજપના એસ. બાલચંદર વિરુદ્ધ મુશીરાબાદના ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર(ERO) ટી. પ્રવીણ કુમાર રેડ્ડીની ફરિયાદ પર FIR નોંધી છે. પ્રાથમિક તપાસમાં કથિત રીતે સામે આવ્યું કે, બાલચંદરે જે ફોર્મ-7 જમા કરવાનો પ્રયાસ કર્યો હતો, તેમાં સંબંધિત મતદારોના નામ પહેલાથી જ પ્રિન્ટ કરેલા હતા. ભાજપના રાજકીય વિરોધીઓએ આ પ્રી-પ્રિન્ટેડ ફોર્મને પાર્ટી કાર્યાલયમાંથી 'કેન્દ્રીય રીતે તૈયાર' કરવામાં આવ્યા હોવાનો પુરાવો ગણાવ્યો છે. હૈદરાબાદના બહાદુરપુરા અને ગોશામહલ વિધાનસભા વિસ્તારોમાંથી પણ મતદારોની માહિતી પહેલાથી પ્રિન્ટ થયેલી હોય તેવા જ ફોર્મ સામે આવ્યા હોવાની વાત કહેવામાં આવી છે. FIR પ્રમાણે બાલચંદર 28 સપ્ટેમ્બર 2026ના રોજ મતદાન મથક નંબર 210ના બૂથ લેવલ ઑફિસર(BLO) પાસે 30 પ્રી-પ્રિન્ટેડ ફોર્મ-7 લઈને પહોંચ્યો હતો. આરોપ છે કે આ ફોર્મ્સ દ્વારા એવા મતદારોના નામ હટાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો, જેમનાથી તેનો કોઈ સંબંધ નહોતો. FIRમાં જણાવાયું છે કે BLO અને BLO સુપરવાઇઝરે આ ફોર્મ લેવાનો ઈન્કાર કરી દીધો હતો. આમ છતાં ભાજપના BLAએ વારંવાર ફોર્મ સ્વીકારવાની વિનંતી કરી.

## ટેન્કમાં સફાઈ વખતે ઝેરીલો ગેસ લીક થતાં મથુરાના ગુરુકુળમાં 4 વિદ્યાર્થિનીના મોત

વૃંદાવન

વૃંદાવનના ચૈતન્ય બિહાર સ્થિત મહર્ષિ પાણિનિ સંસ્કૃત ગુરુકુલમાં મંગળવારે રાત્રે એક મોટી અને દુ:ખદ દુર્ઘટના સર્જાઈ હતી. સબમર્સિબલ પાણીની ટેન્કની સફાઈ કરવા ઊતરેલી ચાર વિદ્યાર્થિઓનું ઝેરી ગેસની ઝપેટમાં આવવાથી દુ:ખદ મોત થયું છે, જ્યારે એક વિદ્યાર્થી રુદ્રની હાલત ગંભીર છે. ચાર બાળકોના મોતથી અફરાતફરી મચી ગઈ. તાત્કાલિક ઘટનાસ્થળે ફાયર બ્રિગેડ ઉપરાંત ડીએમ, એસએસપી અને મ્યુનિસિપલ કમિશનર પહોંચ્યા અને ઘાયલ બાળક તથા ગુરુકુલમાં રહી રહેલા બાળકો પાસેથી ઘટનાની માહિતી લીધી. જિલ્લા મેજિસ્ટ્રેટ સી.પી. સિંહે જણાવ્યું કે, ગુરુકુલમાં આશરે 12 ફૂટ ઊંડી સબમર્સિબલ પાણીની ટેન્કમાંથી દુર્ગંધ આવતા ગુરુકુલના વિદ્યાર્થીઓ તેની સફાઈ માટે ઊતર્યા હતા. ટેન્કની સફાઈ માટે પોતે જ નીચે ઊતર્યા હતા વિદ્યાર્થીઓ સૌથી પહેલા એક વિદ્યાર્થી સફાઈ માટે ટાંકીની અંદર ઊતર્યો.

## મોંઘવારીનો મોટો ઝાટકો, રિઝર્વ બૅન્કે રેપો રેટ 25 બેસિસ પૉઈન્ટ વધારીને 5.50 ટકા કર્યો

### લોનના હપ્તા મોંઘા થશે અને સામાન્ય પ્રજાના ખિસ્સા પર ભાર વધશે

મુંબઈ

દેશના સામાન્ય નાગરિકો અને લોન લઈને ઘર કે વાહન ખરીદવાનું સપનું જોતા મધ્યમ વર્ગ માટે એક મોટા અને માઠા સમાચાર સામે આવી રહ્યા છે. રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મોનિટરી પૉલિસી કમિટી દ્વારા રેપો રેટમાં ૨૫ બેસિસ પૉઈન્ટ એટલે કે ૦.૨૫ ટકાનો વધારો કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વધારા સાથે હવે દેશનો રેપો રેટ વધીને ૫.૫૦ ટકાના સ્તરે પહોંચી ગયો છે. આ ફેરફાર



સીધી જ અસર સામાન્ય લોકોના માસિક બજેટ અને હોમ કે કાર લોનના હપ્તાઓ પર પડવાની છે. લગભગ ચાર લાંબા વર્ષોના અંતરાલ પછી આરબીઆઈ દ્વારા રેપો રેટમાં વધારો કરવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે અર્થતંત્રમાં મોંઘવારીનું જોખમ કેટલું ગંભીર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. રેપો રેટ વધવાને કારણે હવે બેંકો માટે લોન લેવી મોંઘી બનશે, જેના પરિણામે ગ્રાહકોની બેન્ક લોનના હપ્તા એટલે કે ઈએમઆઈ (EMI) માં ભારે ઉછાળો આવશે અને માસિક હપ્તા વધી જશે. મોંઘવારીના મોરચે રિઝર્વ બૅન્ક દ્વારા અત્યંત ચિંતાજનક નિવેદનો સામે આવ્યા છે. કેન્દ્રીય બૅન્કે સ્પષ્ટપણે ચેતવણી આપી છે કે વૈશ્વિક સ્તરે ભૂ-રાજકીય તણાવ, વધતા ક્રૂડ ઓઈલના ભાવ અને અસ્થિર બજારના કારણે આગામી સમયમાં મોંઘવારીનું જોખમ વધુ ઘેરું બની શકે છે. ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ માત્ર ટ્રાન્સપોર્ટેશન જ નહીં પરંતુ મેન્યુફેક્ચરિંગ અને રોજબરોજની વસ્તુઓના ઉત્પાદન ખર્ચને પણ સીધી અસર પહોંચાડે છે, જેના કારણે બજારમાં ચીજવસ્તુઓની કિંમતો સતત ઉપર જઈ રહી છે. આરબીઆઈ દ્વારા ચાલુ નાણાકીય વર્ષ માટે મોંઘવારી અથવા ફુગાવાના અંદાજોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે અને તેને વધારીને ૫.૨ ટકા આસપાસ રાખવામાં આવ્યા છે. બૅન્કનું માનવું છે કે વૈશ્વિક સ્તરે વધતા વ્યાજદરો અને ડૉલર સામે રૂપિયાની કમજોર સ્થિતિને કારણે આયાતી મોંઘવારી વધી રહી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ 6.85 લાખના ફોન મળતા માલિકો ખુશ

કચ્છ

ટેકનોલોજીના વધતા ઉપયોગ વચ્ચે મોબાઈલ ફોન ગુમ થવાની ઘટનાઓ સામાન્ય બની છે, ત્યારે ગુમ થયેલા મોબાઈલ ફોન શોધીને તેના મૂળ માલિક સુધી પહોંચાડવા માટે પોલીસ દ્વારા કરવામાં આવતી કામગીરી લોકોને મોટી રાહત આપી રહી છે. પશ્ચિમ કચ્છ-ભુજની સાયબર સેલ (એલ.સી.બી.) દ્વારા "તેરા તુજકો અર્પણ" અભિયાન અંતર્ગત આવી જ એક નોંધપાત્ર કામગીરી હાથ ધરવામાં આવી છે. સાયબર ટીમે વિવિધ અરજદારોના ગુમ થયેલા કુલ 36 મોબાઈલ ફોન શોધી કાઢી તેમને તેમના મૂળ માલિકોને પરત કર્યા છે. મળતી વિગતો મુજબ, અરજદારો દ્વારા પોતાના મોબાઈલ ફોન ગુમ થયા અંગે પોલીસ સમક્ષ જાણ કરવામાં આવી હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈ સાયબર સેલની ટીમે ટેકનિકલ સાધનો અને વિવિધ ડિજિટલ માધ્યમોની મદદથી ગુમ થયેલા મોબાઈલ ફોનની શોધખોળ શરૂ કરી હતી. સતત ટેકનિકલ તપાસ, માહિતીનું વિશ્લેષણ અને ટીમના સંકલિત પ્રયાસોના પરિણામે કુલ 36 મોબાઈલ ફોન શોધવામાં સફળતા મળી હતી. પોલીસ દ્વારા શોધી કાઢવામાં આવેલા આ મોબાઈલ ફોનની કુલ કિંમત આશરે રૂ. 6,85,591 હોવાનું સામે આવ્યું છે.

## રાજકોટ મનપાનો મહત્વનો નિર્ણય : મિલકત અને પાણીવેરામાં વ્યાજમાફી યોજનાની મુદત મહિનો લંબાવાઈ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરા અને પાણીવેરામાં રૂ. 5-5 હજાર મળી કુલ રૂ. 10 હજાર સુધીની વ્યાજમાફી યોજનાની મુદતમાં એક મહિનાનો વધારો કરવામાં આવ્યો છે. આ યોજનાનો અગાઉ મોટી સંખ્યામાં નાના બાકીદારોએ લાભ લઈ ચુક્યા છે. જોકે ઘણા લોકો બાકી હોવાથી મુદત 1 મહિનો વધારવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે. ગત 30 સપ્ટેમ્બરે યોજનાની મુદત પૂર્ણ થઈ હોવા છતાં, અમલવારી ચાલુ રાખવામાં આવી હતી. હવે મુદત વધારાથી વધુ બાકીદારો પૂરેપૂરો વેરો ભરપાઈ કરી શકશે. બીજી તરફ, મુદ્દલ રકમની તુલનાએ વ્યાજ વધુ હોય તો મુદ્દલ જેટલું જ વ્યાજ વસૂલવાના શાસકોના ઠરાવ અંગે વહીવટી તંત્ર સાથે મડાગાંઠ સર્જાઈ હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

મનપાની શિક્ષણ સમિતિના નવા 15 સભ્યોના નામ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાની પ્રક્રિયા અટકી જતાં ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણૂકમાં વિલંબ થયો છે. તાજેતરમાં ભાજપના 11 અને કોંગ્રેસના 1 સભ્ય બિનહરીફ ચૂંટાયા છે. સરકાર તરફથી નિમાતા 3 સભ્યોમાંથી 2 નામોની ભલામણ ભાજપે કરી છે, જ્યારે ત્રીજા સભ્ય તરીકે એવીપીટીના પ્રિન્સિપાલ પંડ્યાનું નામ નક્કી કરાયું છે. સામાકાંઠાના એક મહિલા સભ્યની શૈક્ષણિક લાયકાત અંગે પ્રદેશ પાસે માર્ગદર્શન મંગાયું છે.

## મોરબીના 200થી વધુ મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ હડતાળ પર : કામકાજ ઠપ

મોરબી

રાજ્યના મહેસૂલી કર્મચારીઓની ઘણી માંગણીઓ લાંબા સમયથી પડતર છે. ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળે હડતાળનું એલાન કર્યું હતું. સરકારે આ માંગણીઓ પૂરી ન કરતા મોરબી જિલ્લાના 200થી વધુ મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળમાં જોડાયા છે.

મોરબી તાલુકા સેવા સદનના ગ્રાઉન્ડમાં આ હડતાળ શરૂ થઈ છે. કર્મચારીઓએ અગાઉ આવેદનપત્ર આપ્યું હતું અને પછી માસ સીએલ પણ લીધી હતી. તેમ છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવતા હવે અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરાઈ છે. મોરબી જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળના પ્રમુખ હિતેશ ગઢવીએ જણાવ્યું કે, તેમની 14 માંગણીઓ છે. જેમાં મહેસૂલી તલાટીઓના જોબચાર્ટમાંથી અન્ય વિભાગના કામ હટાવવા, નાયબ મામલતદારોને બઢતી આપવી, જિલ્લા ફેર બદલીમાં પારદર્શકતા લાવવી અને સીધી ભરતીની પ્રક્રિયા બંધ કરવી જેવી મુખ્ય માંગણીઓનો સમાવેશ થાય છે.

## નાહવા પડેલા 2 યુવકના ડૂબવાથી મોત: વડોદરા નજીક શેરખી-ભીમપુરા કેનાલના પાણીના તીવ્ર પ્રવાહમાં તણાતા દુર્ઘટના

વડોદરા

વડોદરા નજીક શેરખી-ભીમપુરા નર્મદા કેનાલમાં નાહવા પડેલા 4 યુવક પૈકી બે યુવકો પાણીના તીવ્ર પ્રવાહમાં તણાયા હતા. ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધરી બન્ને યુવકના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢ્યા છે.મૃતકમાં પ્રિતેશ ચૌહાણ (ઉંમર-17 વર્ષ, રહે. હરીપુરા, વડોદરા) અને આયુષ જાધવ (ઉંમર-17 વર્ષ, રહે. માંજલપુર, વડોદરા)નો સમાવેશ થાય છે.

બંને યુવકો શેરખી-ભીમપુરા નર્મદા કેનાલમાં નાહવા માટે પડ્યા હતા. દરમિયાન પાણીના તીવ્ર પ્રવાહમાં બંને તણાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. કેનાલના કિનારેથી બંને યુવકોના કપડાં, બૂટ તેમજ ટૂ-વ્હીલર મળી આવ્યા હતા. તેના આધારે પોલીસે બંને યુવકોની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

## વનવિભાગે રાત્રે ઓપરેશન પાર પાડી 1 વર્ષની બાળ સિંહણને સુરક્ષિત ઉગારી

અમરેલી

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં આવેલા બાબરકોટ ગામમાં મોડી રાત્રે 1 વર્ષની સિંહણ અચાનક કૂવામાં ખાબકી હતી. ઘટનાની જાણ થતાં જ વનવિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી મોડી રાત સુધી જટિલ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ટીમે ભારે જહમત બાદ સિંહણને સુરક્ષિત બહાર કાઢી હતી. વનવિભાગની સમયસરની કામગીરીથી બાળ સિંહણનો જીવ બચી ગયો હતો. બાબરકોટ ગામમાં આવેલા એક જૂના કૂવામાં મોડી રાત્રે 1 વર્ષની બાળ સિંહણ અચાનક પડી ગઈ હતી.

### પાક્કો ગુજરાત ન્યૂઝની મોટી અસર

# ડભોઈના નડાથી ફરતીકુઈ માર્ગના અહેવાલ બાદ સફાળું જાગેલું વહીવટી તંત્ર એક્શન મોડમાં

અમદાવાદ

પત્રકારત્વ જ્યારે જનતાનો અવાજ બને છે ત્યારે સત્તા અને વહીવટી તંત્રની નિદ્રા કેવી રીતે ઊડી જાય છે તેનું એક સચોટ ઉદાહરણ ડભોઈ તાલુકામાંથી સામે આવ્યું છે. ડભોઈ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના એક અત્યંત મહત્વના એવા નડાથી ફરતીકુઈ માર્ગની બદતર હાલત અને સ્થાનિકોની હાલાકી અંગે મીડિયા દ્વારા સત્ય હકીકત ઉજાગર કરવામાં આવી હતી. પાક્કો ગુજરાત ન્યૂઝ પર આ અહેવાલ પ્રસારિત થતાં જ વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી અને ઊંઘતું તંત્ર રાતોરાત સફાળું જાગીને એક્શન મોડમાં આવી ગયું હતું.



નડા ગામથી ફરતીકુઈને જોડતો આ માર્ગ લાંબા સમયથી બિસ્માર અને દયનીય હાલતમાં હતો. રસ્તા પર પડેલા મસમોટા અને જોખમી ખાડાઓની સાથે માર્ગની બંને બાજુ બેફામ રીતે ઊગી નીકળેલાં ગાંડા બાવળો અને ઝાડી-ઝાંખરાંનું સામ્રાજ્ય ફેલાયેલું હતું. આ ગાઢ ઝાડીઓને કારણે સામેથી આવતા વાહનો બિલકુલ નજરે ન પડતા હોવાથી અકસ્માતનો ભય સતત તોળાતો રહેતો હતો.

અંતરિયાળ વિસ્તાર હોવાના બહાના હેઠળ સ્થાનિક તંત્ર દ્વારા આ માર્ગની લાંબા સમયથી સદંતર ઉપેક્ષા કરવામાં આવી રહી હતી, જેના કારણે રોજબરોજ અવરજવર કરતા નાગરિકો અને વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયેલો હતો.

સ્થાનિક રહીશોની આ પીડા અને જોખમી પરિસ્થિતિને પાક્કો ગુજરાત ન્યૂઝ દ્વારા ગ્રાઉન્ડ રિપોર્ટના માધ્યમથી વાચા આપવામાં આવી હતી અને વહીવટી બેદરકારીની પોલ ખોલવામાં આવી હતી. આ અહેવાલ પ્રસારિત થતાની સાથે જ અધિકારીઓની આંખ ઉઘડી ગઈ હતી અને તાત્કાલિક ધોરણે સ્થળ પર કર્મચારીઓની ટીમ રવાના કરવામાં આવી હતી.

તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને રસ્તાની બંને તરફ ફેલાયેલા ગાંડા બાવળો અને ઝાડી-ઝાંખરાંની સફાઈ કરાવીને રસ્તો ખુલ્લો કરાવવામાં આવ્યો હતો, તેમજ રોડ પરના જોખમી ખાડાઓ પુરીને માર્ગને વાહનવ્યવહાર માટે સલામત બનાવવામાં આવ્યો હતો.

તંત્ર દ્વારા કરવામાં આવેલી આ ત્વરિત કામગીરીથી ગ્રામજનો અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે. વર્ષોથી અસુવિધાઓ વચ્ચે જીવતા લોકોની સમસ્યાનો અંત આવતા સ્થાનિક રહીશોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. પ્રજાના પ્રશ્નોને વાચા આપીને વહીવટી તંત્રને સફાળું જગાડવા બદલ ગ્રામજનોએ પાક્કો ગુજરાત ન્યૂઝનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. પાક્કો ગુજરાત ન્યૂઝની આ અસર સાબિત કરે છે કે સાચું અને નિડર પત્રકારત્વ હંમેશાં જનતાના હિતમાં પરિવર્તન લાવવાની તાકાત રાખે છે.

### કોરિડોરના કામ વચ્ચે પણ ભક્તિ અને ગરબાની જમાવટ થશે

## અંબાજીમાં નવરાત્રી મહોત્સવની ભવ્ય તૈયારીઓ શરૂ

અંબાજી

પવિત્ર યાત્રાધામ અંબાજી શક્તિપીઠ ખાતે આ વર્ષના નવરાત્રી મહોત્સવને લઈને તંત્ર અને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આગામી 11 ઓક્ટોબરથી માં અંબાના પ્રખ્યાત ચાચર ચોકમાં ખૈલેયાઓ ગરબે રમશે અને ભક્તિનો માહોલ છવાઈ જશે. ખાસ વાત એ છે કે હાલ મંદિરમાં કોરિડોરનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે, છતાં પણ શ્રદ્ધાળુઓ માટે ગરબા કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેથી માતાજીના ભક્તોની આસ્થામાં કોઈ ખલેલ ન પડે. પ્રાપ્ત વિગતો મુજબ, આગામી 11 ઓક્ટોબરના રોજ નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થશે. ઉત્સવના પ્રથમ દિવસે સવારે 9:00 થી 10:30 કલાક દરમિયાન વિધિવત રીતે ઘટસ્થાપન કરવામાં આવશે. આ પવિત્ર દિવસો દરમિયાન માતાજીની આરાધના માટે વિશેષ



ધાર્મિક વિધિઓ યોજાશે. તદઉપરાંત, દુર્ગાષ્ટમી અને આસો પૂનમ જેવા પવિત્ર દિવસો પર સવારની આરતી વહેલી સવારે 6:00 કલાકે યોજાશે, જ્યારે આઠમના દિવસે જવેરાનું ઉત્થાપન કરવામાં આવશે. નવરાત્રીના દિવસોમાં લાખોની સંખ્યામાં ઉમટી પડનારા શ્રદ્ધાળુઓની ભીડને ધ્યાનમાં રાખીને મંદિર વહીવટી તંત્ર દ્વારા દર્શન અને આરતીના સમયમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યા છે, જેથી દરેક ભક્ત સરળતાથી માતાજીના દર્શનનો લાભ લઈ શકે. સવારનો સમય: આરતી: સવારે 7:30 થી 8:00 કલાક સુધી, દર્શન: સવારે 8:00 થી 11:30 કલાક અને બપોરે 12:30 થી 4:15 કલાક સુધી, સાંજનો સમય: આરતી: સાંજે 6:30 થી 7:00 કલાક સુધી, દર્શન: સાંજે 7:00 થી રાત્રે 9:00 કલાક સુધી. દર્શન પૂર્ણ થયા બાદ રાત્રિના સમયે અંબાજીના પ્રખ્યાત ચાચરચોકમાં પરંપરાગત ગરબાનો રંગારંગ કાર્યક્રમ શરૂ થશે, જ્યાં ખૈલેયાઓ મન મૂકીને ગરબે ઘૂમશે. હાલ અંબાજી મંદિરના મુખ્ય દ્વાર આગળ કોરિડોરનું વિકાસ કાર્ય ચાલી રહ્યું હોવાથી સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે એક રસ્તો બંધ રાખવામાં આવ્યો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા મુસાફરો અને વાહનચાલકોની સુવિધા માટે વિશેષ આયોજન કરાયું છે.

## પૂર્વ કચ્છ પોલીસની મોટી કાર્યવાહી, ચાર આરોપીઓ ઝડપાયા



ભચાઉ, રૂપેશ સોલંકી

પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ 'મિશન ફ્યુચરિટી' અંતર્ગત એલસીબી અને પેરોલ ફ્લો સ્કવોડે મોટી સફળતા મેળવી છે. એલસીબી પીઆઈ જે. એમ. વાળાની ટીમે અંજાર અને ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા નરેશ ઉર્ફે કાળો વાલજીભાઈ મકવાણા, ભરતભાઈ શામજીભાઈ માતા (આહીર) અને અંકિત રમેશભાઈ *ઉડેચા (ઠક્કર)*ને ઝડપી પાડ્યા છે. બીજી તરફ, પોક્સો કેસમાં ૧૦ વર્ષની સજા પામેલ અને રાજકોટ જેલમાંથી ૨ વર્ષથી પેરોલ પરથી ફરાર પાકા કેદી ભરત પ્રવિણભાઈ ગઢવી (ભાયરીયા) પણ રાપરની સીમામાંથી ઝડપાઈ ગયો છે. પકડાયેલા તમામ આરોપીઓ સામે પોલીસે કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ડભોઈ રેલવે સ્ટેશન પર પાર્કિંગના નામે ઉઘાડી લૂંટ

## મુસાફરોને લેવા-મૂકવા આવતા લોકો પાસેથી પણ વસૂલાતા 10 રૂપિયા

ખાનગી કોન્ટ્રાક્ટરની દાદાગીરીથી હાહાકાર : રોજિંદી પંદરથી વીસ ટ્રેનોની અવરજવર છતાં પીક એન્ડ ડ્રોપ માટે કોઈ ફ્રી સમય નહીં, એક કે પાંચ મિનિટ માટે પણ સીધા પૈસા પડાવતા કોન્ટ્રાક્ટર સામે નગરજનો અને દૈનિક અપડાઉન કરતા મુસાફરોમાં ઉગ્ર આક્રોશ

ડભોઈ

ઐતિહાસિક નગરી ડભોઈના રેલવે સ્ટેશન પર વાહન પાર્કિંગના અસહ્ય અને અન્યાયી ચાર્જને લઈને સ્થાનિક નાગરિકો, દૈનિક મુસાફરો અને રેલવે સ્ટાફમાં ભારે રોષ ફેલાયો છે. રેલવે પ્રશાસન દ્વારા સ્ટેશન પરિસરમાં પાર્કિંગનો કોન્ટ્રાક્ટ યોગીતા એન્ટરપ્રાઈઝને સોંપવામાં આવ્યો છે, ત્યારથી અહીં આવતા વાહનચાલકો અને મુસાફરો માટે સ્ટેશન પર આવવું મુસીબત બની ગયું છે. કોન્ટ્રાક્ટરના માણસો દ્વારા સ્ટેશન પર ગાડીમાં મુસાફરોને લેવા અથવા મૂકવા આવતા સામાન્ય નાગરિકો સાથે પણ દાદાગીરી કરવામાં આવે છે અને તેમને વાહન પાર્કિંગમાં મૂકવા માટે ફરજ પાડીને સીધા દસ રૂપિયા વસૂલવામાં આવી રહ્યા છે. ડભોઈ રેલવે સ્ટેશન પરથી દરરોજ નાની-મોટી પંદરથી વીસ જેટલી ટ્રેનોની અવરજવર રહે છે. સ્ટેશને ટ્રેનમાંથી



ઊતરતા પોતાના સગા-સંબંધીઓ, વૃદ્ધો કે દર્દીઓને લેવા કે મૂકવા માટે આવતા સ્થાનિક લોકોનું વાહન જો માત્ર એક કે પાંચ મિનિટ માટે પણ ઊભું રહે, તો કોન્ટ્રાક્ટરના માણસો ત્રાટકી પડે છે અને સીધા દસ રૂપિયાનો ચાર્જ પડાવે છે. નિયમ મુજબ મોટાભાગના રેલવે સ્ટેશનો પર પીક એન્ડ ડ્રોપ એટલે કે મુસાફરોને ઉતારવા કે બેસાડવા માટે દસથી પંદર મિનિટનો સમય સંપૂર્ણપણે ફ્રી આપવામાં આવતો હોય છે, પરંતુ ડભોઈમાં આ તમામ નિયમોને નેવે મૂકીને માત્ર નફો કમાવવાનો ખેલ ચાલી રહ્યો છે. આ લૂંટાટથી સૌથી વધુ પરેશાન દૈનિક અપડાઉન કરતા મુસાફરો છે. નોકરી, અભ્યાસ કે વેપાર અર્થે વડોદરા અને આસપાસના વિસ્તારોમાં રોજેરોજ અપડાઉન કરતા મધ્યમવર્ગીય મુસાફરો માટે આ પાર્કિંગ વ્યવસ્થા પડ્યા પર પાટા સમાન બની ગઈ છે.

### સુરતમાં નકલી સાબુનો મોટો પર્દાફાશ

## લસકાણાના સહજાનંદ હબમાંથી બે હજાર બોક્સ જપ્ત, બ્રાન્ડેડ કંપનીના નામે ચાલતું હતું કાળું બજાર

ઘર શોપ આયુર્વેદા અને સાયન્સ મેજિક શોપના નામે ગ્રાહકોની આંખમાં ધૂળ નાખતા ભેજાબાજો ઝડપાયા, બે લાખથી વધુના મુદ્દામાલ સાથે બે શખ્સો પોલીસ સકંજામાં.

સુરત

ગુજરાતના ટેક્સટાઈલ અને ડાયમંડ હબ ગણાતા સુરત શહેરમાં હવે સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતું એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. સુરતના લસકાણા વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે એક ઘાતક દરોડો પાડીને ડુપ્લીકેટ સાબુના વિશાળ ગોડાઉનનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીથી સુરતના વ્યાપારી વર્ગમાં ભારે હડકંપ મચી ગયો છે. મળેલી વિગતો મુજબ, સુરતના લસકાણા વિસ્તારમાં આવેલા ગઢપુર રોડ પર સ્થિત સહજાનંદ હબની ઓફિસના ગોડાઉનમાં આ ગેરકાયદેસર ધંધો ધમધમી રહ્યો હતો. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે આ ગોડાઉનમાં બ્રાન્ડેડ અને લોકપ્રિય કંપનીઓના નામે નકલી સાબુ બનાવવાનું અને તેનું સંગ્રહ કરવાનું કામ ચાલી રહ્યું છે. જેના આધારે લસકાણા પોલીસની ટીમે તાત્કાલિક ગોડાઉન પર છાપો માર્યો હતો અને અંદરનો નજારો જોઈને અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ગોડાઉનમાંથી આશરે બે હજાર જેટલા સાબુના બોક્સ જપ્ત કરવામાં આવ્યા છે. બજારમાં 'ઘર શોપ આયુર્વેદા' અને 'સાયન્સ મેજિક શોપ' જેવા નામોની આડમાં આ ડુપ્લીકેટ અને હલકી કક્ષાના સાબુનું વેચાણ કરવામાં આવતું હતું. આ નકલી પ્રોડક્ટ્સ અસલી સર્ટિફાઈડ બ્રાન્ડના નામે પેક કરીને સામાન્ય નાગરિકોના ઘરો સુધી પહોંચાડવામાં આવતી હતી, જે લોકોની ત્વચા અને સ્વાસ્થ્ય માટે ભારે નુકસાનકારક સાબિત થઈ શકે તેમ હતું. આ સનસનાટીભર્યા રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી સંડોવાયેલા બે મુખ્ય આરોપીઓની અટકાયત કરી લીધી છે. પકડાયેલા શખ્સોમાં ચિરાગ રંગાણી અને વિપુલ રાદડિયાનો સમાવેશ થાય છે. પોલીસે આ સમગ્ર ઓપરેશનમાં રૂપિયા બે લાખથી વધુની કિંમતનો નકલી સાબુનો જથ્થો અને અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## ગાંધીનગરના ભાજપના ગઢમાં જ પ્રજાનો જબરદસ્ત અસંતોષ અને આગામી ચૂંટણીમાં સત્તા પરિવર્તનની ખુલ્લી જાહેરાત

### દર છ મહિને રોડ અને ફૂટપાથ તૂટી જાય છે અને વિકાસના નામે માત્ર પોલંપોલ ચાલે છે, આ ભ્રષ્ટ સરકારમાં પ્રજાનું લોહી ચૂસવા સિવાય કશું જ નથી તેવી મતદાતાઓની આગઝરતી પ્રતિક્રિયાઓથી રાજકીય બેડામાં ભૂકંપ

ગુજરાતના રાજકારણમાં જે ગાંધીનગરને ભાજપનો અતૂટ ગઢ અને સલામત કિલ્લો માનવામાં આવતો હતો, તે જ ગઢની અંદરથી હવે સત્તાધારી પક્ષ સામે બગાવતના એવા ઘાતકસૂરો ગુંજી રહ્યા છે જેણે શાસકોની ઊંઘ હરામ કરી દીધી છે. વર્ષોના વર્ષો સુધી આંખો બંધ કરીને ભાજપને જીતાડનારા અને કમલમનીતિ પર ભરોસો મૂકનારા ગાંધીનગરના જનતા જનાર્દને હવે ખુલ્લેઆમ કહી દીધું છે કે અરે ભાઈ, અમે પચીસ-પચીસ વર્ષથી આ પાર્ટીને મત આપ્યા, પણ બદલામાં અમને માત્ર ધોકા અને ભ્રષ્ટાચાર જ મળ્યા છે, હવે આ સરકાર પરથી અમારો સંપૂર્ણ વિશ્વાસ ઊઠી ગયો છે. ગાંધીનગરના આંતરિક વિસ્તારોમાં પ્રજાના રોષનો લાવા હવે ફાટી નીકળ્યો છે. સ્થાનિક નાગરિકોનો આક્રોશ સ્પષ્ટપણે બહાર આવી રહ્યો છે કે આ સરકારમાં ભ્રષ્ટાચાર સિવાય બીજું કંઈ જ બચ્યું નથી. વિકાસના મોટા-મોટા ડિંગો હાંકવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે છ મહિને તો અહીં બનાવેલા નવા રોડ અને ફૂટપાથ તૂટી જાય છે અને કાગળ પર થયેલા કરોડો રૂપિયાના ખર્ચનું પાણી થઈ જાય છે. પ્રજાના પરસેવાની કમાણીના ટેક્સના પૈસા અધિકારીઓ અને નેતાઓની તિજોરીમાં ભરાઈ જાય છે, જ્યારે સામાન્ય જનતા ખાડાવાળા રસ્તાઓ પર પોતાના હાડકાં તોડવા મજબૂર બને છે. પ્રજા હવે સવાલો પૂછી રહી છે કે આ કેવો વિકાસ છે જ્યાં થોડા ચોમાસા કે વાહનવ્યવહારમાં જ કરોડોના રસ્તાઓ કાગળની હોડીની જેમ વહી જાય છે? આગામી ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે ત્યારે ગાંધીનગરના મતદાતાઓમાં ફેલાયેલો આ અસંતોષ માત્ર ગુસ્સો નથી, પરંતુ તે સત્તા પરિવર્તનના મોટા વંટોળની પૂર્વભૂમિકા છે. લોકો હવે સ્પષ્ટપણે બોલવા લાગ્યા છે કે ચૂંટણી ટાણે મત માંગવા આવતા નેતાઓને આ વખતે જડબાતોડ જવાબ આપવામાં આવશે અને દાયકાઓથી જામી બેઠેલી આ ભ્રષ્ટ વ્યવસ્થાને ઉખડી ફેંકીને સત્તા પરિવર્તન કરવામાં આવશે. પ્રજાનો આ રોષ દર્શાવે છે કે જનતા હવે વધુ સમય મૂર્ખ બનવા તૈયાર નથી.

સાબરમતી રિવરફ્રન્ટ પર સેવા અને

# સુશાસનનો મહાસાગર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પગપાળા 'સેવા જ્યોતિ યાત્રા' યોજીને ઈતિહાસ રચ્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રસેવા અને સુશાસનના પચીસ ગૌરવવંતા વર્ષો પૂર્ણ થવાના અવસરે અમદાવાદમાં ભવ્ય આયોજન, મેયર, ધારાસભ્યો અને હજારો નાગરિકોની ઉપસ્થિતિમાં ગુંજ્યા વિકાસના નારા.

અમદાવાદ

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રસેવા અને જનસેવાના સુવર્ણ પચીસ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસર નિમિત્તે ગુજરાતભરમાં ઉત્સાહ અને ઉમંગનો અદભુત માહોલ જોવા મળી રહ્યો છે. આ વિશેષ ઉજવણીના ભાગરૂપે અમદાવાદના ગૌરવસમાન સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એક અત્યંત ભવ્ય અને પ્રભાવશાળી 'વિકસિત ભારત સંકલ્પ સભા' તેમજ 'સેવા જ્યોતિ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વયં પગપાળા સેવા જ્યોતિ લઈને નીકળીને જનતામાં એક નવો જો અને ઉત્સાહ ભર્યો હતો.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં નીકળેલી આ 'સેવા જ્યોતિ યાત્રા' દરમિયાન ચારેય બાજુ 'ભારત માતા કી જય' અને 'વિકસિત ભારત'ના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

મુખ્યમંત્રીએ સેવા અને સુશાસનના પવિત્ર સંદેશને જન-જન સુધી પહોંચાડવા માટે આ યાત્રામાં સક્રિયપણે જોડાઈને સૌને પ્રેરણા પૂરી પાડી હતી. સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાયેલી આ ભવ્ય સભામાં અમદાવાદના મેયર, સ્થાનિક ધારાસભ્યો, મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં મહાનુભાવો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા અને રાજ્યની વિકાસયાત્રા પર પ્રકાશ પાડતા મહાનુભાવોએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની ધરતી પરથી સુશાસનનો જે પાયો નાખ્યો હતો, તે આજે વડાપ્રધાન તરીકે દેશભરમાં અને વૈશ્વિક સ્તરે રોલ મોડેલ બની ગયો છે. છેલ્લા પચીસ વર્ષોમાં ગુજરાત અને દેશના નાગરિકોના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનો આ સેવાકાળની સાક્ષી પૂરે છે. સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાયેલું આ આયોજન માત્ર એક ઉત્સવ નથી, પરંતુ આગામી સમયમાં 'વિકસિત ભારત'ના નિર્માણ માટે પ્રત્યેક નાગરિકના સંકલ્પને વધુ દ્રઢ બનાવવાનો એક મહાયજ્ઞ છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના વાચકો માટે આ કાર્યક્રમ એ વાતની પ્રતીતિ કરાવે છે કે ગુજરાત વિકાસ અને સેવાના પંથે અવિરત આગળ વધી રહ્યું છે અને જનતાનો સહયોગ આ સરકારની સૌથી મોટી તાકાત છે.

## સુરેન્દ્રનગરમાં રુંવાડા પડાતો અમાનુષી અત્યાચાર, શુદ્ધિકરણના નામે પરિણીતાને ઝાડ સાથે બાંધી દુષ્કર્મ આચર્યું

સુરેન્દ્રનગર

ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાંથી એક એવી ખૌફનાક અને હચમચાવી નાખનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેને જાણીને કાળજું કંપી જાય. સમાજમાં પવિત્રતા અને શુદ્ધિકરણના નામે અસામાજિક તત્વો દ્વારા આચરવામાં આવેલી ક્રૂરતાની હદો પાર થઈ ગઈ છે. પરિણીત મહિલા પોતાના પતિને છોડીને અન્ય યુવક સાથે જતી રહી હતી, જેની અદાવત રાખીને પતિ અને તેના પરિવારે સરેઆમ અસહ્ય અત્યાચાર ગુજાર્યો હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરેન્દ્રનગરમાં રહેતી એક પરિણીત મહિલા પોતાના પ્રેમી સાથે ઘર છોડીને ચાલી ગઈ હતી. આ બાબતની જાણ થતાં જ ગુસ્સામાં આગબબુલા થયેલા મહિલાના પતિ અને તેના પરિવારજનો તેમજ સગા સંબંધીઓએ બંન્નેની શોધખોળ શરૂ કરી હતી.

થોડા સમય બાદ જ્યારે આ જોડી પકડાઈ ગઈ, ત્યારે રોષે ભરાયેલા પરિવારે કાયદો હાથમાં લીધો અને તેમની ઉપર અમાનુષી અત્યાચાર ગુજારવાનું શરૂ કર્યું. આરોપીઓએ હદ વટાવતા શુદ્ધિકરણના નામે નાટક રચ્યું હતું અને મહિલાને એક ઝાડ સાથે દોરડાથી બાંધી દીધી હતી. એટલું જ નહીં, જેની સાથે મહિલા ગઈ હતી તે યુવક પાસે જ મહિલા પર અત્યાચાર અને દુષ્કર્મ કરાવવામાં આવ્યું હોવાના અત્યંત ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ સમગ્ર બર્બરતાપૂર્વક કરવામાં આવેલા કૃત્ય દરમિયાન આરોપીઓએ તેનો વીડિયો પણ શૂટ કર્યો હતો અને બાદમાં આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો હતો.

લીંબાસીના ભલાડા ગામમાં ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

## કોચા તલાવડી વિસ્તારમાં ચાલતા કુખ્યાત જુગારધામ પર રેડ પાડી આઠ જુગારીઓની ધરપકડ

લીંબાસી

ગુજરાતમાં અસામાજિક તત્વો અને જુગારીઓ સામે પોલીસ દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે, ત્યારે ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચે એક સચોટ બાતમીના આધારે ઘાતક ઓપરેશન પાર પાડીને મોટો પર્દાફાશ કર્યો છે. લીંબાસી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ભલાડા ગામના કોચા તલાવડી વિસ્તારમાં ધમધમતા એક ગુપ્ત જુગારધામ પર ક્રાઈમ બ્રાન્ચે અચાનક ત્રાટકીને અફરાતફરી મચાવી દીધી હતી. મળેલી વિગતો અનુસાર, ભલાડા ગામના કોચા તલાવડી વિસ્તારમાં કેટલાક શખ્સો ભેગા મળીને જાહેરમાં ગેરકાયદેસર રીતે જુગારનો અડ્ડો ચલાવી રહ્યા હતા અને લાખો રૂપિયાના દાવ લગાવી રહ્યા હતા. ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને આ બાબતની ચોક્કસ ગુપ્ત માહિતી મળતાની સાથે જ પોલીસે સમય બગાડ્યા વિના રેડ પાડવાની વ્યુહરચના ઘડી હતી અને સ્થળ પર પહોંચીને છાપો માર્યો હતો. પોલીસને અચાનક સામે જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસની ચુસ્ત ઘેરાબંધીના કારણે કોઈ ભાગી શક્યું ન હતું. આ દરોડા દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે ઘટનાસ્થળેથી કુલ આઠ કુખ્યાત જુગારીઓને રંગે હાથે ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં (૧) ભરત ઉર્ફે રાજુ ઉર્ફે ડુબલી પુનમભાઈ પરમાર, (૨) ઈમરાન મીરસાબમીયા મલેક, (૩) દશરથ શંકરભાઈ ચૌહાણ, (૪) જયેશ પ્રવિણભાઈ પટેલ, (૫) ચંદ્રસિંહ ઉર્ફે ચકો વિનુભાઈ પરમાર, (૬) રમેશ ઉર્ફે દુડી અમરસીંગ પરમાર, (૭) નરેંદ્રસિંહ મનીષભાઈ પરમાર અને (૮) કીરણ ભાઈલાલભાઈ બારૈયાનો સમાવેશ થાય છે.



પોલીસે આ તમામ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની સખત કાર્યવાહી હાથ ધરી છે અને તેમની પાસેથી રોકડ રકમ તેમજ જુગારના સાધનો જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. લીંબાસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ અથવા તેમની જાણ બહાર ચાલતા આવા અડ્ડાઓ પર ક્રાઈમ બ્રાન્ચની એન્ટ્રી થવાથી સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે.

## દહેગામ વોર્ડ નં. ૩માં ખુલ્લી ગટરથી નાગરિકોને અકસ્માત થવાનો ભય.. કાઉન્સિલરની રજૂઆત છતાં ઢાંકણા નહીં

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરના વોર્ડ નંબર-3માં નગરપાલિકા તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. આબલી ફળી, હોળી ચકલા અને મોટી મસ્જિદ આગળ ઓરવાડ વિસ્તારમાં ગટરના ઢાંકણા તૂટેલા અથવા ગાયબ હોવાથી આશરે 20 દિવસથી ગટર ખુલ્લી પડી છે. સ્થાનિકો અને કાઉન્સિલર દ્વારા વારંવાર રજૂઆત છતાં હજુ સુધી ઢાંકણા મૂકવાની કામગીરી કરવામાં આવી નથી. વોર્ડ-3ના કોંગ્રેસના કાઉન્સિલર સલીમ મનસુરીના જણાવ્યા મુજબ, આ અંગે દહેગામ નગરપાલિકામાં અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. જોકે, તંત્ર તરફથી 'ઢાંકણા ઉપલબ્ધ નથી' તેવો જવાબ આપવામાં આવે છે. ગટર ખુલ્લી હોવાથી સતત અવરજવર



ધરાવતા આ વિસ્તારમાં રાહદારીઓ માટે અકસ્માતનું જોખમ ઊભું થયું છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે જોખમ વધુ છે. રાત્રિના સમયે પ્રકાશની અછત વચ્ચે ખુલ્લી ગટર દેખાય નહીં તો ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા છે. સ્થાનિકોનો સવાલ છે કે ઢાંકણા ઉપલબ્ધ ન હોય તો તાત્કાલિક બેરિકેડ કે ચેતવણી બોર્ડ સહિતની વૈકલ્પિક સુરક્ષા વ્યવસ્થા કેમ કરવામાં આવતી નથી? અકસ્માત થયા બાદ કાર્યવાહી કરવાને બદલે અગાઉથી જ જોખમ દૂર કરવાની માંગ ઉઠી છે.

## હિંમતનગરમાં સેવા જ્યોતિ યાત્રા અને વિકસિત ભારત સંકલ્પ સભાનો અભૂતપૂર્વ માહોલ

### પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલની પ્રેરક ઉપસ્થિતિમાં જનમેદની ઉમટી

હિંમતનગર

ગુજરાતમાં શાસન અને જનસેવાના સુવર્ણ પચીસ વર્ષો પૂર્ણ થવાના અવસર પર ચાલી રહેલા વિશેષ આયોજનોની શ્રેણીમાં ઉત્તર ગુજરાતના હિંમતનગર ખાતે એક અત્યંત ભવ્ય અને પ્રભાવશાળી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલની વિશેષ અને પ્રેરક ઉપસ્થિતિમાં હિંમતનગરની ધરતી પર 'વિકસિત ભારત સંકલ્પ સભા' અને 'સેવા જ્યોતિ યાત્રા' ધામધૂમપૂર્વક સંપન્ન થઈ હતી. આ કાર્યક્રમને લઈને સ્થાનિક સ્તરે અને સમગ્ર જિલ્લાના રાજકીય તેમજ સામાજિક વર્તુળોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.




કાર્યક્રમના સ્થળે પહોંચતા જ પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલનું હર્ષોલ્લાસ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હિંમતનગર ખાતે યોજાયેલી આ વિશાળ સંકલ્પ સભામાં હજારોની સંખ્યામાં નાગરિકો, યુવાનો, મહિલાઓ અને પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સભાનું વાતાવરણ દેશભક્તિ અને વિકાસના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલે જણાવ્યું હતું કે ગુજરાત અને દેશની જનતાએ છેલ્લા અઢી દાયકામાં સુશાસન, પારદર્શિતા અને અવિરત વિકાસનો વાસ્તવિક અનુભવ કર્યો છે. તેમણે સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્માન કાર્ડ, કિસાન સન્માન નિધિ અને હર ઘર યોજનાનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે આ યોજનાઓએ સામાન્ય માનવીના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાનું કામ કર્યું છે. સેવા જ્યોતિ યાત્રાના માધ્યમથી સરકારની આ સિદ્ધિઓ અને જનસેવાના સંકલ્પો ગામડાઓ અને ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે.

ભાવનગરના સિહોરમાં મોતની સવારી બની ટ્રક

## લીલાપીર વિસ્તારના ઢાળમાં બ્રેક ફેલ થતાં દુકાનમાં ઘૂસ્યો રાક્ષસ જેવો વાહન, ભારે અફરાતફરી

ભાવનગર

ભાવનગર જિલ્લાના સિહોર શહેરમાંથી એક ધ્રુજારી ઉપજાવનારી અને હચમચાવી નાખનારી અકસ્માતની ઘટના સામે આવી છે. સિહોરના વ્યસ્ત અને જાણીતા એવા લીલાપીર વિસ્તારના ઢાળમાં પૂરપાટ ઝડપે આવી રહેલી એક ભારેખમ ટ્રકની અચાનક બ્રેક ફેલ થઈ ગઈ હતી, જેના કારણે રસ્તા પર ક્ષણભરમાં અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. બેકાબૂ બનેલી આ ટ્રક ડ્રાઈવરના કાબૂ બહાર થઈને સીધી જ સુરકાના



ડેલા પાસે આવેલી એક દુકાનમાં ધડાકાભેર ઘૂસી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, સિહોરના લીલાપીર વિસ્તારનો ઢાળ હંમેશા વાહનોની અવરજવરથી ધમધમતો રહે છે. આ દરમિયાન અચાનક જ ટ્રકની બ્રેક ફેલ થઈ જવાની આફત આવી પડતા ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવી દીધો હતો. કાળમુખી બનેલી આ ટ્રકે રસ્તા પર સામે આવેલી દુકાનને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે દુકાનનો મોટો ભાગ ધરાશાયી થઈ ગયો હતો અને અંદર રહેલો માલસામાન વેરવિખેર થઈ ગયો હતો. આ ભયાનક અકસ્માતના ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## ગુજરાતના વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને પૂર્વ સાંસદ વીરજીભાઈ ઠુમ્મરનું 67 વર્ષની વયે દુઃખદ અવસાન

અમરેલી

ગુજરાત કોંગ્રેસના સ્તંભ સમાન, વરિષ્ઠ નેતા, પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય શ્રી વીરજીભાઈ ઠુમ્મરનું ૬૭ વર્ષની વયે નિધન થયું છે. તેમના અવસાનના સમાચારથી સમગ્ર રાજ્યના રાજકીય અને સહકારી ક્ષેત્રમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે. ૩૧ મે ૧૯૫૯ના રોજ જન્મેલા અને બી.કોમ સુધીનો અભ્યાસ કરનાર વીરજીભાઈએ પોતાના લાંબા જાહેર જીવન દરમિયાન જનતાના હિત માટે અસંખ્ય લડતો લડી હતી.



બાબરા બેઠક પરથી ધારાસભ્ય તરીકે સક્રિય ભૂમિકા શ્રી વીરજીભાઈ ઠુમ્મરે વર્ષ ૧૯૯૦, ૧૯૯૫ અને ૧૯૯૮ એમ સળંગ ત્રણ ટર્મ સુધી ૪૩-બાબરા વિધાનસભા મતવિસ્તારનું સફળ પ્રતિનિધિત્વ કર્યું હતું. આ ઉપરાંત, જનતાના પ્રશ્નોને રાષ્ટ્રીય સ્તરે વાચા આપતા તેમણે વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી લોકસભાના સાંસદ તરીકે યશસ્વી કામગીરી બજાવી હતી. કોંગ્રેસ પક્ષમાં તેઓ મહામંત્રી, ઉપપ્રમુખ તેમજ કિસાન કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જેવા મહત્વના પદો પર સક્રિય રહ્યા હતા. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સંગઠન પ્રભારી સાંસદશ્રી રણદીપસિંહ સુરજેવાલાએ શોકાંજલિ પાઠવતા જણાવ્યું હતું કે, વીરજીભાઈના નિધનના સમાચારથી સૌની આંખો ભીની છે અને હૃદય વ્યથિત છે. કોંગ્રેસ પરિવારનું એક વટવૃક્ષ આપણી વચ્ચેથી વિદાય પામ્યું છે. તેમની સાદગી, ખેતી અને કિસાન સાથેનો ગાઢ સંબંધ હંમેશાં લોકોના હૃદયમાં અંકિત રહેશે. તેમણે દિવંગતના પુત્રી અને કોંગ્રેસ નેતા શ્રીમતી જેની ઠુમ્મર તથા પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

ખેડામાં ખાખીનો સૌથી મોટો સપાટો, પીપલગ ચોકડી પરના

## ઘનશ્યામ ટોબેકોના ગોડાઉનમાંથી રૂપિયા 1.40 કરોડથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે ખેડા જિલ્લામાંથી અત્યાર સુધીના સૌથી મોટા અને સનસનાટીભર્યા અહેવાલ સામે આવ્યા છે. ખેડા જિલ્લાના નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવતી પીપલગ ચોકડી પાસે એક ચોંકાવનારી રેડ કરવામાં આવી છે. પોલીસને મળેલી ચોક્કસ અને ગુપ્ત બાતમીના આધારે ખેડા એલસીબી અને નડિયાદ રૂરલ પોલીસની સંયુક્ત ટીમે પીપલગ ચોકડી ખાતે આવેલા ઘનશ્યામ ટોબેકોના ગોડાઉન પર અચાનક ત્રાટકીને લાખો-કરોડો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડ્યો છે. મળેલી વિગતો અનુસાર, બુટલેગરો દ્વારા



કાયદાની આંખમાં ધૂળ નાખવા માટે અત્યંત ચતુરાઈપૂર્વક આ ઘનશ્યામ ટોબેકોના ગોડાઉનને વિદેશી દારૂના સંગ્રહ માટેનું સેફ હેવન બનાવી દેવામાં આવ્યું હતું. ગોડાઉનની બહારથી સામાન્ય માલસામાન રાખવામાં આવતો હોવાનો દેખાવ કરવામાં આવતો હતો, પરંતુ અંદર વિદેશી દારૂના બોક્સના મોટા પહાડો ખડકાયેલા હતા. ખેડા એલસીબી અને નડિયાદ રૂરલ પોલીસની ટીમે જ્યારે આ ગોડાઉનનું શટર ઊંચું કર્યું ત્યારે અંદરનો નજારો જોઈને ખુદ પોલીસ અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. પોલીસની પ્રાથમિક તપાસ અને ગણતરી મુજબ, આ ગોડાઉનમાંથી અંદાજે રૂપિયા ૧,૪૦,૫૫,૬૦૦ એટલે કે એક કરોડ ચાલીસ લાખ પંચાવન હજાર છસો રૂપિયાની માતબર કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ગુજરાત જેવા ડ્રાય સ્ટેટમાં આટલી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો કોઈ મોટા રેકેટ કે સિન્ડિકેટ તરફ ઈશારો કરે છે. તહેવારો કે આગામી દિવસોમાં બજારમાં માલ સપ્લાય કરવા માટે આ જથ્થો ભેગો કરવામાં આવ્યો હોવાની પૂરેપૂરી શક્યતા છે.

રૂપાલ ગામ ખાતે યોજાયેલી સેવા જ્યોતિ કળશ યાત્રામાં ઉમટી જનમેદની

## એક જ્યોતિ અને અનેક સંકલ્પો સાથે રાષ્ટ્રસેવાના પચીસ વર્ષની ભવ્ય ઉજવણી

અમદાવાદ

દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રસેવા અને જનસેવાના સુવર્ણ પચીસ વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસર નિમિત્તે સમગ્ર ગુજરાતભરમાં ઉત્સાહ અને ઉમંગનો અદ્ભુત માહોલ જોવા મળી રહ્યો છે. આ વિશેષ શૃંખલા અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ઐતિહાસિક અને પ્રખ્યાત રૂપાલ ગામ ખાતે 'સેવા જ્યોતિ કળશ યાત્રા' અને 'વિકસિત ભારત સંકલ્પ સભા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવવંતા કાર્યક્રમમાં રાજ્યના ઊર્જાવાન અને લોકપ્રિય ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા અને એક



સાચા રાષ્ટ્રસેવકની સમર્પિત સેવાને હૃદયપૂર્વક વંદન કર્યા હતા. રૂપાલ ગામ ખાતે યોજાયેલા આ વિશાળ કાર્યક્રમમાં ગામના આગેવાનો, મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, યુવાનો, મહિલાઓ અને પાર્ટીના ઉત્સાહી કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. સમગ્ર વાતાવરણ ભારત માતા કી જય અને વંદે માતરણના નારાઓ સાથે દેશભક્તિ અને વિકાસના રંગે રંગાઈ ગયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા અને પોતાના ઓજસ્વી વિચારો વ્યક્ત કરતા મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ પચીસ વર્ષની યાત્રા માત્ર કેલેન્ડરનો કોઈ સમયનો અંક નથી, પરંતુ આ 'સેવા પરમો ધર્મઃ'ના પવિત્ર સંકલ્પથી લઈને 'વિકસિત ભારત'ના ભવ્ય સ્વપ્નને સાકાર કરવાની એક અવિરત રાષ્ટ્રયાત્રા છે. મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીએ હંમેશાં દેશના સામાન્ય માનવીના ઉત્થાન, કલ્યાણ અને સુરક્ષા માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું છે. ગુજરાતની ધરતી પરથી શરૂ થયેલી વિકાસની આ સફર આજે વૈશ્વિક સ્તરે ભારતને એક નવી ઊંચાઈ અને ગૌરવ અપાવી રહી છે. રૂપાલ ખાતે યોજાયેલી આ સેવા જ્યોતિ કળશ યાત્રાએ ગામડાઓથી લઈને શહેર સુધી જનસેવાના સંકલ્પોને વધુ મજબૂત બનાવવાનું અને જનતાને સરકારની કલ્યાણકારી યોજનાઓ સાથે જોડવાનું મહત્વપૂર્ણ કામ કર્યું છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના વાચકો માટે આ કાર્યક્રમ એ વાતની પ્રતીતિ કરાવે છે કે રાષ્ટ્રનિર્માણ અને જનસેવાના આ મહાયજ્ઞમાં પ્રત્યેક નાગરિકનું યોગદાન અત્યંત મૂલ્યવાન છે અને ગુજરાત વિકાસના પંથે અવિરત આગળ વધી રહ્યું છે.

## તંત્રી લેખ...

# પૂર્વજોની પાછળ શ્રાદ્ધ અને પિંડદાન કરનારી આપણી મહાન સંસ્કૃતિ પર સૌથી મોટો કલંક, જીવતા માબાપ માટે વૃદ્ધાશ્રમો ધમધમવા એ સમગ્ર સમાજ માટે ડૂબી મરવા જેવી શરમજનક વાસ્તવિકતા

### આધુનિકતાની દોડમાં ગુમાવી બેઠેલા માનવીય સંસ્કારો, જે માતા-પિતાએ આખી જિંદગી તપસ્યા કરીને સંતાનોને કાબિલ બનાવ્યા, તે જ વૃદ્ધ માબાપને ઘરના ખૂણેથી ઉઠાવીને વૃદ્ધાશ્રમમાં ફેંકી દેતી આપણી સ્વાર્થી પેઢીની ક્રૂર માનસિકતા પર ગંભીર પ્રહાર.

આપણા દેશની સંસ્કૃતિ, સભ્યતા અને સનાતન પરંપરાઓની વાત જ્યારે પણ નીકળે છે ત્યારે આપણે ગર્વથી સીના તાણીને કહીએ છીએ કે આ એ પવિત્ર ભૂમિ છે જ્યાં મૃત્યુ પામેલા પૂર્વજોની યાદમાં પણ શ્રાદ્ધ કરવામાં આવે છે, તેમની તિથિએ બ્રાહ્મણો જમાડવામાં આવે છે, કાગવાસ નાખવામાં આવે છે અને તેમની આત્માની શાંતિ માટે પિંડદાન તથા અંજલિ અર્પણ કરાય છે. વર્ષો વીતી ગયા પછી પણ પેઢીઓ બદલાય છતાં આપણા વડીલો અને પૂર્વજો પ્રત્યેની આપણી શ્રદ્ધા અને આદરભાવ ક્યારેય ઓછો થતો નથી. આ પરંપરા આપણી સંસ્કારિતાની ઓળખ છે. પરંતુ, આ સિક્કાની બીજી બાજુ એક એટલી કાળી, કદરૂપી અને હૃદયદ્રાવક વાસ્તવિકતા છુપાયેલી છે જે આપણને



અંદરથી કોરી ખાય છે અને આપણી આ તમામ નકલી સંસ્કૃતિની પોલ ખોલી નાખે છે.

જે દેશમાં મૃત્યુ પામેલા પૂર્વજોની તસવીરો આગળ અગરબત્તી કરીને શ્રાદ્ધ કરવાની પરંપરા અટલ છે, તે જ દેશ અને સમાજમાં જીવતા-જાગતા, શ્વાસ લેતા અને હસતા-રમતા માબાપ માટે વૃદ્ધાશ્રમોની લાઈનો લાગવી અને તે ભરાઈ જવા એ આપણા સમગ્ર સમાજ માટે અત્યંત શરમજનક, નીચ અને ડૂબી મરવા જેવી બાબત છે. ક્યાં ગઈ આપણી એ સંસ્કૃતિ? ક્યાં ગયા એ સંસ્કારો? શું આપણા માટે માબાપનું મૂલ્ય માત્ર તેઓ મૃત્યુ પામે પછી જ સમજાય છે? જીવતેજીવ જે માતા-પિતા બે વક્તની રોટી, એક મીઠા શબ્દ અને થોડા પ્રેમ માટે તરશતા હોય, તેમને ઘરમાંથી હાંકી કાઢીને અજાણ્યા લોકોની વચ્ચે વૃદ્ધાશ્રમમાં સડવા માટે મૂકી આવતા સંતાનોને કઈ મોઢે પૂર્વજો પાછળ શ્રાદ્ધ કરવાનો હક મળે છે?

આજના આધુનિક અને પશ્ચિમી દોડમાં અંધ બનેલા સમાજે પાયાના માનવીય મૂલ્યોને તિલાંજલિ આપી દીધી છે. જે માબાપે પોતાના શરીરના પરસેવાને લોહી બનાવીને, રાતોની ઊંઘ બગાડીને અને પોતાના શોખનો ભોગ આપીને સંતાનોને ભણાવ્યા, મોટા કર્યા, વિદેશ મોકલ્યા કે મોટા અધિકારી બનાવ્યા, તે જ સંતાનો જ્યારે પગભર થઈ જાય છે ત્યારે એ જ માબાપ તેમને પોતાની પ્રગતિમાં અડચણરૂપ બોજ લાગવા લાગે છે. પત્નીના વ્હેમ કે મોર્ડન લાઈફસ્ટાઈલના નામે માબાપને ઘરમાંથી કાઢી મૂકતા કે તેમને માનસિક યાતનાઓ આપતા જરાય શરમ નથી આવતી? જે ઘરમાં ગાડીઓ ખરીદવા માટે લાખો રૂપિયાનો ધુમાડો થાય છે, તે જ ઘરમાં ઘરડા માબાપની દવાઓનો ખર્ચ કે તેમની બે સમયની રોટી ખર્ચરૂપ બની જાય છે.

વૃદ્ધાશ્રમોની વધતી સંખ્યા એ વાતની જીવતી સાક્ષી પૂરે છે કે આપણી સામાજિક ચેતના મરી ચૂકી છે અને આપણે સંવેદનાહીન મશીન બની ગયા છીએ. ફોટો ફ્રેમમાં હસતા પૂર્વજોને ફૂલહાર ચડાવીને કે ઢોલ-નગારા સાથે શ્રાદ્ધના નામે નાટક કરીને આંસુ પાડવા કરતાં, જો જીવતા માબાપના ચરણોમાં સેવા અર્પણ ન કરવામાં આવે તો એ તમામ ધાર્મિક ક્રિયાઓ માત્ર પાખંડ અને દેખાડો બનીને રહી જાય છે. ભગવાન પણ એવા સંતાનોની પૂજા ક્યારેય સ્વીકારતા નથી જે પોતાના જીવતા દેવતા જેવા માતા-પિતાને રઝળતા મૂકી દે છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના માધ્યમથી અમારો આ સીધો સંદેશ પ્રત્યેક વાચક, યુવાન અને સમાજ સુધી પહોંચાડવાનો હેતુ છે કે હવે આત્મનિરીક્ષણ કરવાનો સમય આવી ગયો છે. આપણા ઘરના વડીલો કોઈ નકામી ચીજવસ્તુ નથી, પરંતુ આપણા ઘરના જીવંત સંસ્કારો અને આશીર્વાદના અખંડ દીવા છે. જો આપણે આજે આપણા માબાપને ખુશ અને સુરક્ષિત નહીં રાખી શકીએ, તો કાલે આપણી આવનારી પેઢી આપણને પણ એ જ વૃદ્ધાશ્રમના દરવાજે ધકેલી દેશે જેની શરૂઆત આજે આપણે કરી રહ્યા છીએ. ચાલો, આજના આ પવિત્ર દિવસે આ કલંકને મિટાવવાનો સંકલ્પ કરીએ અને ક્યારેય કોઈ માબાપને ઘર છોડવાની નોબત ન આવે તેવું વાતાવરણ આપણા પરિવારમાં ઊભું કરીએ. કારણ કે સાચું શ્રાદ્ધ મૃત્યુ પછી નહીં, પણ જીવતેજીવ માબાપની સેવા કરવામાં જ રહેલું છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ડિજિટલ ઈન્ડિયાના મોટા દાવાઓ વચ્ચે નર્મદાના પંદર ગામો અંધકારમાં, નેટવર્ક વગર શિક્ષણ અને રોજિંદુ જીવન થયું બેહાલ, તંત્રની ઘોર બેદરકારી સામે રોષ

### શાળાઓમાં સ્માર્ટ અને ડિજિટલ ક્લાસરૂમ ધૂળ ખાતા પડ્યા છે, ઈન્ટરનેટના અભાવે વિધાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બન્યું છે, જ્યારે સામાન્ય કામો માટે પણ કિલોમીટરોની ભટકણથી ગ્રામજનોમાં હાહાકાર

દેશભરમાં ડિજિટલ ક્રાંતિ, ઓનલાઈન સેવાઓ અને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ નેટવર્કની વાહવાહી કરતી જાહેરાતો વચ્ચે ગુજરાતના નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાંથી એક એવી કડવી વાસ્તવિકતા સામે આવી છે, જે સરકાર અને વહીવટી તંત્રના વિકાસના દાવાઓની ધજાગી ઉડાવી દે છે. નર્મદા જિલ્લાના પછાત અને પંદર જેટલા અંતરિયાળ ગામડાઓમાં આજે એકવીસમી સદીમાં પણ મોબાઈલ કનેક્ટિવિટી કે નેટવર્ક નામની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. આધુનિક યુગમાં જ્યાં આખી દુનિયા આંગળીના ટેરવે ચાલી રહી છે, ત્યાં આ ગામોના લોકો સાધારણ કોલ કરવા માટે પણ ફાંફા મારી રહ્યા છે.

આ અમાનવીય અને પછાત સ્થિતિનું સૌથી મોટું શિકાર આ ગામોના માસૂમ બાળકો અને તેમનું શિક્ષણ બની રહ્યું છે. સરકાર દ્વારા ગર્વભેર શાળાઓમાં ડિજિટલ ક્લાસરૂમ અને સ્માર્ટ સ્ક્રીનો બનાવી દેવામાં આવી છે, પરંતુ જમીની હકીકત એ છે કે ત્યાં નેટવર્ક કે ઈન્ટરનેટનું કોઈ નામનિશાન નથી. એક પણ સેકન્ડ માટે ઈન્ટરનેટ કનેક્ટિવિટી ન મળવાને કારણે આ કરોડો રૂપિયાના ખર્ચે બનેલા ડિજિટલ ક્લાસરૂમ્સ માત્ર ચાર દીવાલો વચ્ચે શોભાના ગાંઠિયા સમાન બનીને રહી ગયા છે.

શિક્ષકો પાસે ભણાવવા માટે આધુનિક સાધનો છે, પરંતુ ઈન્ટરનેટ વિના તેઓ અસહાય બની ગયા છે અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકાર તરફ ધકેલાઈ રહ્યું છે.




માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ રોજિંદી જિંદગીની પાયાની જરૂરિયાતો પણ આ ગામોના લોકો માટે માથાનો દુખાવો બની ગઈ છે. ડિજિટલ ઈન્ડિયાના જમાનામાં સરકારી સહાય મેળવવી હોય, બેંકમાંથી પૈસા કાઢવા હોય કે કોઈ પણ નાની-મોટી ઓનલાઈન કામગીરી કરવી હોય, ત્યારે આવતો વન-ટાઈમ પાસવર્ડ એટલે કે ઓટીપી મેળવવા માટે ગ્રામજનોએ પોતાના ઘર-ખેતર છોડીને કિલોમીટરો સુધી દૂર ઊંચા ટેકરાઓ પર કે નેટવર્ક પકડાય તેવા અન્ય ગામોમાં દોડી જવું પડે છે. કટોકટીની કે બીમારીની કોઈ ગંભીર સ્થિતિ સર્જાય ત્યારે એમ્બ્યુલન્સ કે પોલીસને ફોન કરવા માટે પણ નેટવર્ક શોધવા ભટકવું પડે છે, જેના કારણે અનેકવાર જીવનું જોખમ પણ ઊભું થઈ જાય છે.

આ ગામોના લોકોનો સવાલ છે કે શું ડિજિટલ સુવિધાઓ માત્ર મોટા શહેરો અને નેતાઓના બંગલાઓ પૂરતી જ સીમિત છે? શું છેવાડાના આદિવાસી વિસ્તારોના નાગરિકોને આધુનિક સગવડો મેળવવાનો કોઈ અધિકાર નથી? પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના માધ્યમથી અમારો આ સીધો અવાજ અને સવાલ સરકાર અને જવાબદાર ટેલિકોમ મંત્રાલય સુધી પહોંચાડવાનો હેતુ છે કે તાત્કાલિક ધોરણે આ પંદર ગામોમાં મોબાઈલ ટાવરો ઊભા કરવામાં આવે અને ઈન્ટરનેટ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવે. જો વહેલી તકે આ મામલે કોઈ પગલાં નહીં ભરાય તો ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### યુનિવર્સિટીના ક્લાસરૂમથી લઈને યુવા આંદોલનના ધગધગતા મોરચા સુધીની અદ્ભુત સફર

# નીટ પેપરલીક કાંડ સામે શિક્ષણમંત્રીના રાજીનામાની માગ સાથે ભૂખ હડતાળ પર ઉતરેલા નેહા બોરા બન્યા લાખો યુવાનોનો અવાજ

### કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના બેનર હેઠળ જુલાઈ 2026માં યોજાયેલા ઐતિહાસિક વિરોધપ્રદર્શનમાં સાથીદારો સાથે મક્કમતાથી લડનાર નેહા બોરાનો સંઘર્ષ તંત્રની તાનાશાહી સામે સીધો પડકાર બન્યો

દેશના લાખો તેજસ્વી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ઘાતકીડાં કરતા પેપરલીક કૌભાંડો અને ભ્રષ્ટ સિસ્ટમ સામે હવે દેશનો યુવાન ચૂપ બેસી રહેવાને બદલે રસ્તા પર ઉતરીને આરપારની લડાઈ લડવા માટે મજબૂર બન્યો છે. આ જ દેશવ્યાપી યુવા ક્રાંતિના પ્રતીક સમાન અને હાલમાં સમગ્ર દેશનું રાજકીય અને સામાજિક ધ્યાન ખેંચનાર એકમાત્ર ચહેરો એટલે નેહા બોરા. સામાન્ય યુનિવર્સિટી પરિસરમાંથી વિદ્યાર્થીઓના હક્કો અને ન્યાયની લડાઈ લડતાં-લડતાં નેહા બોરા આજે દેશના યુવાનોના આંદોલનના સૌથી શક્તિશાળી અને પ્રભાવશાળી મોરચાના લીડર તરીકે સ્થાપિત થઈ ચૂક્યા છે.

સમગ્ર દેશમાં રોષની આગ પ્રગટાવનાર નીટ પેપરલીક અને પરીક્ષકીય વ્યવસ્થાની ઘોર બેદરકારી સામે જુલાઈ 2026 દરમિયાન કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા એક અત્યંત ઉગ્ર અને અભૂતપૂર્વ વિરોધ આંદોલન છેડવામાં આવ્યું હતું. આ મહાસંગ્રામનો મુખ્ય ધ્યેય દેશના તત્કાલીન કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના તાત્કાલિક રાજીનામાની માંગ કરવાનો હતો, જેથી પેપરલીક માફિયાઓ સામે રક્ષણ આપતી સિસ્ટમનો પર્દાફાશ કરી શકાય. આ ભીષણ આંદોલનમાં નેહા બોરા પોતાના સાથીદારો સાથે સૌથી મોરચે ખભે-ખભો મિલાવીને ઊભા રહ્યા અને સત્તાધીશોની નીંદર હરામ કરી દીધી હતી. વહીવટી તંત્રની લાપરવાહી અને બહેરા કાને અવાજ પહોંચાડવા માટે નેહા બોરાએ પોતાના સાથીદારો સાથે લાંબા સમય સુધી અન્નનો ત્યાગ કરીને મક્કમ ભૂખ હડતાળનું ઘાતક શસ્ત્ર ઉગામ્યું હતું. કડકડતી ધૂપ હોય કે પોલીસ પ્રશાસનનું ભારે દબાણ તથા ધાકધમકીઓ, યુવાનોના ભવિષ્ય માટે અડગ રહીને તેમણે સાબિત કરી દીધું કે સાચા ઈરાદાઓ અને લોહીના જોશ સામે સત્તાની તાકાત પણ ઘૂંટણ ટેકવવા મજબૂર થઈ જાય છે. તેમની આ લડત માત્ર એક મંત્રીના



રાજીનામા પૂરતી મર્યાદિત ન હતી, પરંતુ તે દેશના પ્રત્યેક બેરોજગાર, મહેનતુ અને શોષિત વિદ્યાર્થીના સ્વાભિમાનની લડાઈ હતી.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના વાચકો માટે આ ગાથા એ વાતની પ્રતીતિ કરાવે છે કે જ્યારે-જ્યારે દેશમાં અન્યાય, ભ્રષ્ટાચાર અને તાનાશાહીનો અતિરેક થાય છે, ત્યારે-ત્યારે યુવા શક્તિ જ ક્રાંતિનું નવું મંડાણ કરે છે. નેહા બોરાની આ અવિરત સંઘર્ષયાત્રા સાબિત કરે છે કે સાચો નેતા એ છે જે કટોકટીના સમયમાં પણ ડર્યા વગર જનતાની પડખે અડગ ઊભો રહે છે.

# ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે દેશભરમાં રોષ, વિપક્ષની માર્ચ છતાં કેમ કાયદાકીય પકડથી દૂર છે સીઈસી?

### જાણો કાયદાકીય રક્ષણ અને હટાવવાની અગ્નિપરીક્ષા સમાન પ્રક્રિયા

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને પદ પરથી હટાવવાની માંગ હવે દેશના રાજકારણમાં એકમાત્ર ચર્ચાનો વિષય બની ગઈ છે. વિપક્ષી નેતાઓ, સામાજિક સંગઠનો અને સામાન્ય લોકો દ્વારા સતત ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. તાજેતરમાં જ એક અગ્રણી અંગ્રેજી અખબાર



ઈન્ડિયન એક્સપ્રેશ દ્વારા ચૂંટણી કમિશનરો વચ્ચેના આંતરિક મતભેદો અંગેના અહેવાલો પ્રકાશિત કરવામાં આવ્યા હતા, જેના પછી આ વિવાદમાં ઘી હોમાયું હોય તેમ માગ વધુ તીવ્ર બની ગઈ છે. દિલ્હી અને મુંબઈ સહિત દેશના અનેક ભાગોમાં તેમની વિરુદ્ધ ઉગ્ર પ્રદર્શનો ચાલી રહ્યા છે. તાજેતરમાં ઑક્ટોબરની છઠ્ઠી તારીખે રાહુલ ગાંધી, અખિલેશ યાદવ સહિત વિરોધ પક્ષના ૧૫૦થી વધુ સાંસદોએ સંસદથી ચૂંટણી પંચની કચેરી સુધી વિશાળ માર્ચ કાઢી હતી. વિપક્ષી નેતાઓ અને વિવિધ સંગઠનોની સીધી માંગ છે કે ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે ફોજદારી ગુનો નોંધવામાં આવે અને કાયદાકીય પગલાં લેવામાં આવે. પરંતુ વાસ્તવિકતા એ છે કે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર સામે સીધા કાયદાકીય પગલાં લેવા કે તેમને પદ પરથી હટાવવા એ કોઈ સામાન્ય રમત નથી. સંસદ દ્વારા વર્ષ ૨૦૨૩માં પસાર કરવામાં આવેલા એક નવા કાયદાએ તેમને લોખંડી કાયદાકીય રક્ષણ પૂરું પાડ્યું છે. સંસદમાં ચીફ ઈલેક્શન કમિશનર એન્ડ અધર ઈલેક્શન કમિશનર્સ એક્ટ, ૨૦૨૩ નામનું વિધેયક પસાર કરીને કાયદો બનાવવામાં આવ્યો હતો. આ નવા કાયદાએ ૧૯૯૧ના જૂના કાયદાનું સ્થાન લીધું છે. આ નવા કાયદાની કલમો અનુસાર મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોને વિશેષ સુરક્ષા અને કવચ આપવામાં આવ્યું છે. આ કાયદાની સૌથી મોટી જોગવાઈ એ છે કે તેમના કાર્યકાળ દરમિયાન સત્તાવાર ફરજો બજાવતી વખતે તેમણે લીધેલા નિર્ણયો કે કરેલી કોઈ પણ કામગીરીને લીધે તેમની સામે સીધા કાયદાકીય પગલાં કે કોર્ટ કેસ નહીં થઈ શકે.

### ઇન્ડિયન એક્સપ્રેશના અહેવાલ બાદ દિલ્હીથી મુંબઈ સુધી વિરોધ પ્રદર્શનોનો જ્વાળામુખી ફાટ્યો, રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ સહિત દોઢસોથી વધુ સાંસદો રસ્તા પર ઉતર્યા, પરંતુ 2023ના નવા કાયદાએ ચૂંટણી કમિશનરને આપ્યું છે અદભુત સુરક્ષા કવચ.

શરત માત્ર એટલી છે કે તેમણે આ કામગીરી પોતાના સત્તાવાર કર્તવ્યોના નિર્વહન હેઠળ કરી હોવી જોઈએ. આ જોગવાઈના કારણે જ કોઈ પણ સામાન્ય નાગરિક કે સંગઠન ઈચ્છવા છતાં સીધા પોલીસ સ્ટેશનમાં જઈને તેમની સામે ગુનો નોંધાવી શકતા નથી. હવે સવાલ એ થાય છે કે જો તેમને કાયદાકીય પગલાંમાંથી રક્ષણ મળેલું છે, તો શું તેમને પદ પરથી હટાવી શકાય નહીં? મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી હટાવવાની પ્રક્રિયા અત્યંત જટિલ અને બંધારણીય રીતે ખૂબ જ કડક છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હટાવવા માટે જે મહાભિયોગ જેવી જટિલ પ્રક્રિયા અપનાવવામાં આવે છે, બિલકુલ તેવી જ પ્રક્રિયા મુખ્ય ચૂંટણી કમિશનર માટે પણ લાગુ પડે છે. તેમને માત્ર મનસ્વી રીતે કે સરકારની સામાન્ય ઈચ્છાથી હટાવી શકાતા નથી.

ચૂંટણી કમિશનરને હટાવવા માટે સંસદના બંને ગૃહ એટલે કે લોકસભા અને રાજ્યસભામાં વિશેષ બહુમતીથી પ્રસ્તાવ પસાર કરવો પડે છે. ગૃહમાં હાજર અને મતદાન કરનારા સભ્યોની બે-તૃતીયાંશ બહુમતી તેમજ કુલ સભ્યસંખ્યાની બહુમતી અનિવાર્ય છે. આ પ્રસ્તાવ પાસ થયા પછી જ રાષ્ટ્રપતિ દ્વારા તેમને પદ પરથી હટાવવાનો આદેશ જારી થઈ શકે છે. સાબિત થયેલી ગેરવર્તણૂક અથવા અક્ષમતાના આધારે જ આ પ્રક્રિયા આગળ વધી શકે છે. આ રીતે, એક તરફ જ્યાં વિપક્ષો રસ્તા પર ઉતરીને આક્રમક વિરોધ નોંધાવી રહ્યા છે અને કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે, તો બીજી તરફ સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાકીય કવચ અને અટપટી બંધારણીય પ્રક્રિયાના કારણે મુખ્ય ચૂંટણી કમિશનર અત્યારે સુરક્ષિત સ્થિતિમાં નજરે પડી રહ્યા છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર માટે આ આખો ઘટનાક્રમ વર્તમાન રાજકીય ગરમાવા વચ્ચે એક મોટો સવાલ ઊભો કરે છે કે લોકશાહીમાં બંધારણીય પદોની સ્વતંત્રતા અને કાયદાકીય રક્ષણની મર્યાદાઓ ક્યાં સુધી વિસ્તરે છે.

# સુપ્રીમ ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગેના નિર્ણયની તપાસ કરશે

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું કે તે ચૂંટણી કમિશનરોની નિમણૂક સાથે જોડાયેલા પોતાના નિર્ણયની ફરીથી તપાસ કરશે. 23 સપ્ટેમ્બરે જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માએ આ મામલાને મોટી બેન્ચ પાસે મોકલવાના મુદ્દે અલગ-અલગ મત વ્યક્ત કર્યા હતા.



જસ્ટિસ દત્તાએ કહ્યું હતું કે મામલાને મોટી બેન્ચ પાસે મોકલવાની જરૂર નથી. જ્યારે જસ્ટિસ શર્માએ મામલાને મોટી બેન્ચ પાસે મોકલવાનું સમર્થન કર્યું હતું.

પરંતુ આ નિર્ણય અંગે દાખલ કરવામાં આવેલી અરજીમાં જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા સામે પક્ષપાતની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. તેમના પુત્ર મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં ઈલેક્શન કમિશન ઑફ ઈન્ડિયાના સ્ટેન્ડિંગ કાઉન્સેલ છે.

કેન્દ્રના નિર્ણય પર સુનાવણીનો મામલો

આ સમગ્ર મામલો 2023ના કેન્દ્ર સરકારના તે નિર્ણય સાથે જોડાયેલો છે, જેમાં કેન્દ્ર સરકારે ચૂંટણી કમિશનરોની નિમણૂક સંબંધિત પ્રક્રિયામાં ફેરફાર કર્યો હતો.

વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ અરજી રજૂ કરી હતી. બેન્ચમાં ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહના પણ સામેલ છે.

2023માં નિમણૂકનો કાયદો બદલાયો

2023 પહેલાં: ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે સંસદનો કોઈ અલગ કાયદો નહોતો. કેન્દ્ર સરકાર (કેબિનેટ) પોતાની પસંદગીના નામ નક્કી કરતી હતી અને રાષ્ટ્રપતિની મંજૂરીથી તેમની સીધી નિમણૂક થઈ જતી હતી, એટલે કે સમગ્ર નિર્ણય એકલા સરકારના હાથમાં હતો.

2023 પછી શું બદલાયું: સંસદે નવો કાયદો બનાવ્યો, જેના હેઠળ 3 સભ્યોની પસંદગી સમિતિ નક્કી કરવામાં આવી. હવે આ સમિતિમાં વડાપ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને એક કેબિનેટ મંત્રી મળીને નામ નક્કી કરે છે. તેનાથી નિમણૂકમાં વિરોધ પક્ષની ભાગીદારી તો જોડાઈ, પરંતુ સરકાર પાસે 2 સભ્યોનું બહુમતી સ્થાન યથાવત્ રહ્યું.



પાક્કો ગુજરાત

ગુરુવાર | 08 ઓક્ટોબર 2026 | અમદાવાદ

## પાણીની ટાંકી બની 'શોભાના ગાંઠિયા' સમાન!

# ભીખાપુરાના નાયકા ફળિયામાં પાણી માટે ગ્રામજનોની હાલાકી

કદવાલ | ઈરફાન મકરાણી

કદવાલ તાલુકાના ભીખાપુરા ગામના નાયકા ફળિયામાં પીવાના પાણીની સમસ્યાને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનો માટે પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી લાખો રૂપિયાના ખર્ચે પાણીની ટાંકી ઉભી કરવામાં આવી હોવા છતાં તેનો પૂરતો લાભ લોકોને મળતો નથી હોવાના આક્ષેપો સામે આવ્યા છે.



નાયકા ફળિયામાં પાણીની ટાંકી તો નજરે પડે છે, પરંતુ ટાંકી બન્યા બાદ પણ જો લોકોને પીવાના પાણી માટે વલખા મારવા પડે તો આ વિકાસ કામનો હેતુ શું? તેવો સીધો સવાલ હવે ગ્રામજનો તંત્રને પૂછી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પાણી જેવી પાયાની જરૂરિયાત માટે મહિલાઓ સહિત ગ્રામજનોને દૂર સુધી જવાની ફરજ પડતી હોવાની ફરિયાદો છે. ઉનાળામાં પાણીની અછત વધુ ગંભીર બનવાની ભીતિ વચ્ચે હાલ પણ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સરકાર દ્વારા ગામડાં અને અંતરિયાળ ફળિયાઓ સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. પરંતુ જ્યાં પાણીની ટાંકી બની ગઈ હોય અને ત્યાંના જ લોકોને પાણી માટે ભટકવું પડે, ત્યાં જવાબદારી કોની?

ગ્રામજનોમાં એવો સવાલ પણ ઉઠી રહ્યો છે કે પાણીની ટાંકી ખરેખર કાર્યરત છે કે કેમ? જો ટાંકી કાર્યરત નથી તો તેનું કારણ શું છે? પાણીની લાઈન, મોટર, વીજળી કે અન્ય કોઈ ટેકનિકલ સમસ્યા છે? અને જો કોઈ સમસ્યા છે તો તેનું નિરાકરણ આજદિન સુધી કેમ કરવામાં આવ્યું નથી?

પાણીની અછતનો સૌથી વધુ ભોગ મહિલાઓ અને પરિવારના સભ્યો બનતા હોવાની સ્થાનિકોમાંથી ફરિયાદો સામે આવી રહી છે. રોજિંદા જીવન માટે જરૂરી પીવાનું પાણી મેળવવા માટે દૂર સુધી જવાની ફરજ પડતી હોય તો 'હર ઘર પાણી' જેવા સરકારના દાવાઓ સામે પણ પ્રશ્નો ઊભા થાય તે સ્વાભાવિક છે.

ગ્રામજનોનું કહેવું છે કે પાણી કોઈ વૈભવી સુવિધા નથી, પરંતુ જીવનની મૂળભૂત જરૂરિયાત છે. તેથી માત્ર ટાંકી બનાવી દેવી પૂરતી નથી, પરંતુ તેમાંથી નિયમિત અને પૂરતું પાણી દરેક ઘર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.

હવે ભીખાપુરા નાયકા ફળિયાના ગ્રામજનોની નજર તંત્રની કાર્યવાહી પર છે. ગ્રામજનોની માંગ છે કે સંબંધિત અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી વાસ્તવિક પરિસ્થિતિની તપાસ કરે, પાણીની ટાંકી અને પાણી પુરવઠા વ્યવસ્થાનું નિરીક્ષણ કરે અને ખામી હોય તો તાત્કાલિક દૂર કરવામાં આવે.

પાણીની ટાંકી માત્ર શોભાના ગાંઠિયા સમાન બનીને ઊભી રહે કે ખરેખર ગ્રામજનોની તરસ છિપાવે– હવે તેનો જવાબ તંત્રએ આપવાનો છે.

ગ્રામજનોની સ્પષ્ટ માંગ છે કે નાયકા ફળિયામાં નિયમિત પાણી પુરવઠો શરૂ કરવામાં આવે અને લોકોને કાયમી પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે. સાથે જ પાણીની ટાંકી બનાવવામાં થયેલા ખર્ચ અને તેની હાલની સ્થિતિ અંગે પણ જરૂરી તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

હવે જોવાનું એ રહ્યું કે ગ્રામજનોની વર્ષોથી ચાલી આવતી પાણીની સમસ્યાનો અંત ક્યારે આવશે અને 'શોભાના ગાંઠિયા' સમાન ઉભેલી પાણીની ટાંકીમાંથી ખરેખર ક્યારે પાણી વહેશે?

# અમદાવાદના માંડલના વનપરડીમાં જૂની અદાવતે પકડ્યું ઉગ્ર સ્વરૂપ!!!

## દીકરીને ભગાડી ગયાના આક્ષેપ સાથે યુવક પર ઘાતક હથિયારોથી ખૂની હુમલો

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના વનપરડી ગામેથી એક અત્યંત હચમચાવી નાખનારી અને લોહિયાળ ઘટના સામે આવી છે. ગામમાં જૂની અદાવત અને પારિવારિક વિવાદે એટલું ભયાનક સ્વરૂપ ધારણ કર્યું કે ચાર જેટલા ઉશ્કેરાયેલા શખ્સોએ મળીને એક નિર્દોષ યુવક ઉપર સરેઆમ ધારદાર હથિયારોથી જીવલેણ હુમલો કરી દીધો. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે સન્નાટો અને ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વનપરડી ગામમાં અગાઉથી જ બેક્ષેપ વચ્ચે મનદુઃખ અને અદાવત ચાલી રહી હતી. દરમિયાન, આરોપીઓ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ભોગ બનનાર યુવક તેમની દીકરીને ભગાડી ગયો છે. આ બાબતની અદાવત રાખીને ગુસ્સામાં આગબબુલા થયેલા ચાર ઈસમોએ ભેગા મળીને યુવકને ટાર્ગેટ બનાવ્યો હતો. બદલાની ભાવના સાથે આવેલા આ શખ્સોએ યુવક પર અચાનક તીક્ષ્ણ અને ધારદાર હથિયારો વડે આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. આ ભયાનક હુમલા દરમિયાન યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને લોહી લુહાણ હાલતમાં તે જમીન પર ફસડાઈ પડ્યો હતો. ધોળે દિવસે બનેલી આ ખૂની ખેલની ઘટનાથી આસપાસના વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી. આસપાસના લોકો એકત્ર થઈ જાય તે પહેલાં હુમલાખોરો ધમકીઓ આપતા ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર રૂંવાડા ઊભા કરી દેતી ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ હવે સામે આવ્યા છે, જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કેવી રીતે ચાર શખ્સો ઘાતક હથિયારો સાથે યુવક પર ટાંપ લગાવીને હુમલો કરી રહ્યા છે. સીસીટીવી ફૂટેજ સામે આવતા જ પોલીસ તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હાંસલપુર પોલીસ સ્ટેશન દ્વારા તાત્કાલિક ધોરણે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો દાખલ કરીને તેમની ધરમાકડ કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના વાચકો માટે આ ઘટના એ વાતની સાક્ષી પૂરે છે કે સામાન્ય બાબતોમાં કાયદો હાથમાં લેનારા અસામાજિક તત્વોમાં પોલીસનો ડર હવે બિલકુલ રહ્યો નથી.

# મહેસૂલી કર્મચારીઓ હડતાળમાં જોડાયા

## રેવન્યુ તલાટીઓના જોબ ચાર્ટ, સિનિયોરિટી-પ્રમોશન સહિતની માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર

ગાંધીનગર

રાજ્ય મહેસૂલ કર્મચારી મહામંડળ દ્વારા વિવિધ પડતર પ્રશ્નોને લઈને અચોક્કસ મુદતની હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. જેના પગલે ગાંધીનગર જિલ્લામાં પણ મહેસૂલી કર્મચારીઓએ આજથી આંદોલનને સમર્થન આપ્યું છે. ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીના સ્ટાફે મહામંડળના રાજ્યવ્યાપી આદેશનું પાલન શરૂ કર્યું છે. મહેસૂલી કર્મચારીઓએ કલેકટરને આવેદનપત્ર આપ્યું છે. ગાંધીનગર જિલ્લાના રેવન્યુ તલાટી વિજયરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં મહામંડળના રાજ્યના આદેશનું પાલન કરવામાં આવી રહ્યું છે. જોકે, ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીની




કામગીરી ચાલુ હોવાથી ચૂંટણી સંબંધિત કામગીરીને હડતાળમાંથી બાકાત રાખવામાં આવી છે. આ ઉપરાંત ઈમરજન્સી સર્વિસ પણ ચાલુ રાખવામાં આવશે. કર્મચારીઓના પડતર પ્રશ્નોમાં રેવન્યુ તલાટીઓનો જોબ ચાર્ટ, વર્ષ 2012ની બેચની સિનિયોરિટી યાદી અને પ્રમોશન, અન્ય સિનિયોરિટી યાદી તથા પ્રમોશન સહિતના મુદ્દાઓ સામેલ છે. મહામંડળ દ્વારા કુલ 18 જેટલા વિવિધ મુદ્દાઓ સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. વિજયરાજસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું કે, ગાંધીનગર કલેક્ટર કચેરીનો તમામ સ્ટાફ મહામંડળના આદેશનું પાલન કરવા માટે આજથી જોડાયો છે. વધુમાં તેમણે સ્પષ્ટ કહ્યું કે ગાંધીનગર જિલ્લો પણ રાજ્ય મહામંડળની અચોક્કસ મુદતની હડતાળને સંપૂર્ણ સમર્થન આપી રહ્યો છે.

ગાંધીનગરમાં મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીની કામગીરીને અસર ન થાય તે માટે ચૂંટણી સંબંધિત કામગીરી ચાલુ રાખવામાં આવશે, જ્યારે કર્મચારીઓએ મહામંડળના અન્ય મુદ્દાઓને લઈને હડતાળને સમર્થન આપ્યું છે.

# બેટરી ચોર ગેંગનો પર્દાફાશ, 65 હજારના મુદ્દામાલ સાથે પાંચ ઝડપાયા

## છત્રાલ પંથકમાં ટ્રાન્સપોર્ટરોની આઇસર, ટાટા અને મહિન્દ્રાની ગાડીઓને નિશાન બનાવતા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી વાહનોની બેટરીઓ ચોરી કરીને ટ્રાન્સપોર્ટરો અને વાહનમાલિકોની ઊંઘ હરામ કરી પોલીસને દોડતી કરનાર કુખ્યાત ચોર ગેંગ આખરે સકંજામાં આવી ગઈ છે.

છત્રાલ ગામની સીમ તથા વિવિધ વિસ્તારોમાં પાર્ક કરવામાં આવેલા કોમર્શિયલ વાહનોને ટાર્ગેટ કરીને બેટરીઓ ઉઠાવી જનાર પાંચ શખ્સોને કુલ 65 હજારની કિંમતની 10 બેટરીઓ સાથે પોલીસે ઝડપી લેતા વેપારીઓ અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે.

ગત તારીખ 25 થી 30 સપ્ટેમ્બર દરમિયાન છત્રાલ પંથકમાં આવેલા છત્રેશ્વર મહાદેવ મંદિરનું પાર્કિંગ, શુકન સોસાયટીનો ગેટ, શાલીમાર હોટલ પાસે આવેલ સાગર કોમ્પ્લેક્ષ, ડી.કે. મેટ્રો તેમજ માવલ કોમ્પ્લેક્ષ જેવા વ્યસ્ત અને ખુલ્લા સ્થળોએ પાર્ક કરાયેલી આઈસર, ટાટા અને મહિન્દ્રા ફ્યુરો સહિતના વાહનોમાંથી અજાણ્યા તસ્કરોએ એક પછી એક કુલ 10 નંગ હેવી વ્હીકલ બેટરીઓની ચોરી કરી લીધી હતી.

આ અવારનવાર બનતી ચોરીઓની ઘટનાઓને પગલે સ્થાનિક ટ્રાન્સપોર્ટરો અને માલિકોમાં ભારે રોષ અને ચિંતા પ્રવર્તી રહી હતી. જે મામલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો પણ નોંધાયો હતો. આ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પીઆઈ જે જે ગઢવી સહિતની ટીમ ધ્વારા ટેક્નિકલ એનાલિસિસ, સીસીટીવી ફૂટેજની સઘન તપાસ તેમજ હ્યુમન સોર્સના આધારે સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ દરમિયાન પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના પગલે કડી તાલુકાના ઈન્દ્રાડ ગામના જંબુસર તળાવની પાછળ રહેતા શૈલેષજી પિંટુજી ઠાકોર, ઈશ્વર ઉર્ફે વિશાલ નટવરજી ઠાકોર, બળવંતસિંહ મહેન્દ્રસિંહ ઝાલા, ભાવિક રમણજી કાનાજી ઠાકોર અને હિતેશ ઉર્ફે હીતુ ગોવિંદજી રણછોડજી ઠાકોર નામના પાંચ શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા.આ તમામ આરોપીઓની આકરી પૂછપરછ કરવામાં આવતા તેઓએ છત્રાલ વિસ્તારમાંથી ગાડીઓની બેટરીઓ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

જેના પગલે કલોલ તાલુકા પોલીસે આ ગેંગ પાસેથી 65 હજારની કિંમતની 10 બેટરીઓ કબ્જે કરી વધુ તપાસ આદરી છે. ત્યારે ટ્રાન્સપોર્ટરોની કમાણી અને વાહનોને નિશાન બનાવીને પોલીસને પડકાર ફેંકતી આ આખી ગેંગ ઝડપાઈ જતાં પંથકમાં હાલ તો હાશકારો અનુભવાયો છે.

## ભાજપ સામે આક્ષેપ કરી પોલીસમાં રજૂઆત કરાઈ

# વોર્ડ-7માં હુંસાતુંસી વધી: કોંગ્રેસનાં 30થી વધુ પોસ્ટર ફાડ્યાનો આક્ષેપ

ગાંધીનગર

મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદાનના દિવસો નજીક આવી રહ્યા છે તેમ રાજકીય ગરમાવો વધવાની સાથે હવે પ્રચાર સામગ્રીને લઈને પણ પક્ષો આમનેસામને આવી રહ્યા છે.




વોર્ડ-10માં અપક્ષ ઉમેદવારના બેનરો ફાડવાની ઘટના બાદ હવે વોર્ડ-7માં કોંગ્રેસના પોસ્ટરો ફાડી નાખવાની ઘટના બની છે. કોલવડા અને આસપાસના વિસ્તારમાં કોંગ્રેસના 30થી વધુ પોસ્ટરો ફાડી નાખવામાં આવ્યા હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે અને આ મામલે પોલીસમાં લેખિત ફરિયાદ પણ કરવામાં આવી છે.

કોંગ્રેસના સ્થાનિક ઉમેદવાર ફેનિલ પટેલે કહ્યું કે મોડી રાત્રે વોર્ડ-7ના વિવિધ વિસ્તારોમાં લગાવવામાં આવેલા ચૂંટણી પ્રચારના પોસ્ટરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

સવારે પ્રચાર માટે નીકળેલા કાર્યકરોના ધ્યાને આ વાત આવતાં રાજકીય ચર્ચા શરૂ થઈ હતી. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, ચૂંટણીમાં પક્ષના ઉમેદવારોનો પ્રચાર અને તેમની ઓળખ મતદારો સુધી ન પહોંચે તેવા ઈરાદાથી પ્રચાર સામગ્રીને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

આ ઘટનાને પગલે કોંગ્રેસના પ્રતિનિધિઓ પોલીસ મથકે પહોંચ્યા હતા અને અજાણ્યા શખ્સો સામે ફરિયાદ આપી તપાસ તથા જવાબદાર સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી.

જોકે, પોસ્ટરો કોણે ફાડ્યા તે અંગે પોલીસ તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે. કોંગ્રેસ દ્વારા ભાજપના કાર્યકરો સામે આક્ષેપ કરવામાં આવ્યો છે, જ્યારે આ અંગે ભાજપ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

# વીમા કવચ માટે રજૂઆત બાદ કાર્યવાહી શરૂ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના આશરે 3,500 પ્રાથમિક શિક્ષકોને રૂ. 10 લાખના વ્યક્તિગત અકસ્માત વીમા કવચનો લાભ આપવા માટે હવે પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

છોટાઉદેપુર જિલ્લાના સાતેય તાલુકાના આશરે 3,500 પ્રાથમિક શિક્ષકો એસ.બી.આઈ. સેલરી પેકેજ યોજના સાથે જોડાયેલા છે. આ યોજના અંતર્ગત મળવાપાત્ર રૂ. 10 લાખના વ્યક્તિગત અકસ્માત વીમા કવચ અંગેની કામગીરી બાકી હોવાના મુદ્દે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા એસ.બી.આઈ. સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. શિક્ષક સંઘ દ્વારા એસ.બી.આઈ.ની સંબંધિત શાખાઓના મેનેજરોને




આવેદનપત્ર આપી સેલરી પેકેજ યોજના હેઠળ મળવાપાત્ર વીમા કવચની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની માંગ કરવામાં આવી હતી. રજૂઆત બાદ બેંક દ્વારા શિક્ષકોની વિગતોની ચકાસણી સહિતની જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. હવે જરૂરી કાર્યવાહી પૂર્ણ થયા બાદ શિક્ષકોને વીમા પોલિસી ઉપલબ્ધ કરાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. શિક્ષકો પોતાની વીમા પોલિસીની વિગતો મેળવી શકે તે માટે એસ.બી.આઈ. દ્વારા અધિકૃત લિંક પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

શિક્ષકો પોતાના સેલરી પેકેજ એકાઉન્ટની વિગતો ચકાસીને આ લિંક મારફતે વીમા પોલિસીની કોપી ડાઉનલોડ કરી શકશે. જોકે, સેલરી પેકેજ યોજના હેઠળ મળવાપાત્ર વીમા કવચ માટે શિક્ષક સંઘે રજૂઆત કરવાની નોબત આવી તે મુદ્દે યોજના હેઠળની કામગીરી સમયસર કેમ હાથ ધરવામાં આવી નહોતી તે અંગે સવાલો ઉઠી રહ્યા છે. દરમિયાન, વીમા કવચની પ્રક્રિયા શરૂ થતાં જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને તેનો લાભ મળવાની શરૂઆત થઈ છે. જેના પગલે શિક્ષકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

# રાજસ્થાન સેવા સમિતિ અમદાવાદનો 66મો સ્થાપના દિવસ ઉજવણી ખૂબ જ ધામધૂમથી સંપન્ન

## સંઘવી વંશરાજજી ભણસાલી અને બાબુલાલજી શેખાણીને ઉત્કૃષ્ટ સેવા બદલ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત

અમદાવાદ, મુકેશ આર. ચોપડા

મુકેશ આર. ચોપડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે કાર્યક્રમની શરૂઆતમાં, સંસ્થાના અધ્યક્ષ શ્રી ગણપતરાજજી ચૌધરીએ ઉપસ્થિત તમામ મહેમાનો અને મહાનુભાવોનું સ્વાગત કર્યું. તેમણે રાજસ્થાન સેવા સમિતિ દ્વારા સંચાલિત રાજસ્થાન સ્કૂલમાં ચાલી રહેલા વિકાસ અને શાળાના નવીનીકરણ કાર્ય વિશે વિગતવાર માહિતી રજૂ કરી. તેમણે શાળામાં વિદ્યાર્થીઓના શિક્ષણ માટે ઉપલબ્ધ સુવિધાઓ વિશે પણ માહિતી આપી અને વિકાસ કાર્યમાં યોગદાન આપનારા તમામ સમુદાયના સભ્યોનો આભાર માન્યો. ત્યારબાદ, સ્થાપના દિવસ નિમિત્તે 'રાજસ્થાન સેવા સમિતિ કા જહાં હુઆ સૃજન' નામનું ખાસ ગીત રજૂ કરવામાં આવ્યું.




પૂર્વ-પ્રાથમિક વર્ગના લગભગ 40 બાળકોએ ભગવાન મહાવીરના ચૌદહ સપના પર આધારિત 'જનમે હૈ પરમ દયાળુ તીન લોક કે નાથ ખુશી કી હૈ બાત' ગીતની સુંદર રજૂઆતથી શ્રોતાઓના દિલ જીતી લીધા. સમારોહ દરમિયાન, સમિતિએ સંઘવી શ્રી વંશરાજજી ભણસાલી અને ટ્રસ્ટી શ્રી બાબુલાલજી શેખાણીને તેમની નિઃસ્વાર્થ સેવા, ઉદારતા અને સમાજ અને સંગઠનમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કર્યા. ચેરમેન ગણપતરાજ ચૌધરીએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે બંને સન્માનિત વ્યક્તિઓ બહુપક્ષીય પ્રતિભા ધરાવે છે અને તેમનું સમગ્ર જીવન, મન અને ધન વિવિધ સંસ્થાઓને સમર્પિત કરે છે. તેઓ જીવનમાં સારા કાર્યો કરવામાં ક્યારેય થાકતા નથી અને તેઓ જે પણ કાર્ય હાથ ધરે છે તેને અસરકારક રીતે પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કાર્યક્રમ દરમિયાન, નવી બનેલી લિફ્ટ અને બાયોલેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લિફ્ટના દાતાઓ શ્રી ઓમપ્રકાશ અને તનસુખરાજજી શ્રીશ્રીમાલ (સિટીઝન સોલર લિમિટેડ) હતા, અને બાયોલેબના દાતા શ્રી ભૂપતરાજજી કાંટેડ હતા, જેમનું પણ સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને કવાંટ બસ સ્ટેશન પાસેથી ઝડપી પાડ્યો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલ.સી.બી.)ની ટીમે વિવિધ પ્રોહિબિશન ગુનાઓમાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને કવાંટ બસ સ્ટેશન પાસેથી ઝડપી પાડ્યો હતો. આરોપી સામે કવાંટ, પાનવડ તેમજ વડોદરા ગ્રામ્યના ડભોઈ અને વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ પ્રેસનોટમાં જણાવાયું છે. વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ અને છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખની સૂચનાથી નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા એલ.સી.બી. દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે કવાંટ બસ સ્ટેશન પાસે પોલીસે વોચ ગોઠવી હતી. બાતમીમાં જણાવેલા વર્ણન મુજબનો શખ્સ મળી




આવતા તેને કોર્ડન કરી ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપીની ઓળખ રૂમાલસિંગ જીવલીયાભાઈ કલેશ (ઉં.વ. 27), રહે. ચકનાકી માલ, પટેલ ફળિયા (કણજીપાણી), તા. સોઢવા, જિ. અલીરાજપુર, મધ્યપ્રદેશ તરીકે થઈ હતી. પોલીસે તેની અંગઝડતી લેતાં કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ અગાઉ કવાંટ, પાનવડ, ડભોઈ અને વાઘોડિયા વિસ્તારમાં દારૂ સંબંધિત ગુનાઓમાં નામ ખુલ્યું હોવાનું જણાવ્યું હતું.

## નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે કોંગ્રેસ દ્વારા કડક રજૂઆત

# દિવાળી સૌના આંગણે ખુશીઓ લાવે તો મહાનગરપાલિકાના સફાઈ અને અન્ય કર્મચારીઓની મહેનતનું પણ સન્માન થવું જ જોઇએ

નડિયાદ

દિવાળીનો પવિત્ર અને ઉત્સાહવર્ધક તહેવાર જ્યારે નજીક આવી રહ્યો છે ત્યારે શહેરને સ્વચ્છ રાખતા, નાગરિકો માટે સગવડો ઊભી કરતા અને બવશેષો વચ્ચે પણ ફરજ બજાવતા મહાનગર પાલિકાના અસંખ્ય કર્મચારીઓની હાલાકી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. નડિયાદ શહેરને ધમધમતું રાખવા માટે રાત-દિવસ એક કરીને પરસેવો પાડતા કર્મચારીઓના હક્કો અને અધિકારો માટે હવે રાજકીય અને સામાજિક સ્તરે ઘાતક અવાજ ઉઠાવવામાં આવ્યો છે. નડિયાદ મહાનગરપાલિકાના વોર્ડ નંબર બારના કોર્પોરેટર અને નડિયાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હાર્દિક ભટ્ટ દ્વારા તંત્ર સમક્ષ સ્પષ્ટ અને આક્રમક રજૂઆત કરવામાં આવી છે કે તહેવારોની મોસમમાં કોઈના ઘરે અંધારા ન રહેવા જોઈએ. હાર્દિક ભટ્ટે તંત્રને કડક માં ચેતવણી આપતા જણાવ્યું છે કે દિવાળીના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને નડિયાદ મહાનગરપાલિકાના પાત્ર



કર્મચારીઓ તેમજ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગ પદ્ધતિથી અથાક પરિશ્રમ કરી રહેલા તમામ પાત્ર કર્મચારીઓને કાયદેસરના બોનસની રકમ દિવાળીના તહેવારના ઓછામાં ઓછા વીસ દિવસ અગાઉ ચૂકવી દેવામાં આવે. વર્ષભર શહેરની ગંદકી સાફ કરનાર, વહીવટી વ્યવસ્થા સંભાળનાર અને વિવિધ નાગરિક સેવાઓમાં સતત ખડેપહેરે ફરજ બજાવતા આ શ્રમજીવી કર્મચારીઓને જો સમયસર તેમના હકનું બોન નહીં મળે તો મ્યુનિસિપલ તંત્રની લાપરવાહી સાંખી લેવામાં નહીં આવે. જે કર્મચારીઓ પોતાના પરિવારને સમય આપી શકતા નથી અને નડિયાદની પ્રજાની સેવા માટે રસ્તા પર ઉતરે છે, તેમને પોતાના પરિવાર સાથે આનંદપૂર્વક દિવાળીની ઉજવણી કરવાનો પૂરેપૂરો અધિકાર છે. માત્ર કાગળ પર મોટી મોટી વાતો કરતી પાલિકા જો સામાન્ય કર્મચારીઓના આર્થિક હકો દબાવવાનો પ્રયાસ કરશે તો કોંગ્રેસ પક્ષ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવું પણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે.



### રક્ષાબંધન એડ વિવાદ પર કૃતિ સેનને તોડ્યું મૌન

# મારી ચોલી 6 લોકોની ચર્ચાનો વિષય બની ગઈ: કૃતિ સેનન

મુંબઇ

બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનન ફરી એકવાર પોતાની રક્ષાબંધન એડને લઈને થયેલા વિવાદ અંગે ચર્ચામાં આવી છે. જ્વેલરી બ્રાન્ડની રક્ષાબંધન કેમ્પેઈનમાં કૃતિના કપડાંને લઈને સોશિયલ મીડિયા પર ભારે ટીકા થઈ હતી. હવે કરીના કપૂર ખાનના શો 'વોટ વુમન વોન્ટ સીઝન 6' માં કૃતિએ આ સમગ્ર વિવાદ અંગે વાત કરતાં કહ્યું કે તેને વિશ્વાસ નહોતો થતો કે તેની 'ચોલી' પ્રાઈમ ટાઈમ ન્યૂઝ ડિબેટનો મુદ્દો બની જશે. રક્ષાબંધન માટે બનાવવામાં આવેલી આ જાહેરાતમાં કૃતિ સેનન ઈન્ડો-વેસ્ટર્ન આઉટફિટમાં જોવા મળી હતી. જાહેરાત સામે કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે વાંધો ઉઠાવ્યો હતો અને પરંપરાગત તહેવાર માટે તેના ડ્રેસને અયોગ્ય ગણાવ્યો હતો. વિવાદ વધ્યા બાદ કૃતિએ સોશિયલ મીડિયા પર મહિલાઓના કપડાંને સંસ્કૃતિ સાથે જોડીને જોવાની માનસિકતા પર સવાલ ઉઠાવ્યો હતો.

અગાઉ તેણે ઈન્સ્ટાગ્રામ પર વિવાદનો જવાબ આપતા જાહેરાતનો બચાવ કર્યો હતો. તેણે મહિલાઓના કપડાના આધારે તેમને જજ કરવાની પ્રથા પર સવાલ ઉઠાવ્યા હતા. તેણે કહ્યું હતું કે આપણે મહિલાઓને ક્યાં સુધી એવું કહેતા રહીશું કે તેને શું પહેરવું જોઈએ, જ્યારે સંસ્કૃતિ તેના દિલમાં હોય છે, તેની નેકલાઈનમાં નહીં. કરીના સાથેની વાતચીત દરમિયાન કૃતિએ વિવાદ પર કહ્યું, હવે કરીના કપૂરના શોમાં જૂના વિવાદને યાદ કરતાં કૃતિએ કહ્યું, મને વિશ્વાસ નહોતો થતો કે મારી ચોલી પ્રાઈમ ટાઈમ ન્યૂઝ પર 6 લોકોની પેનલ ચર્ચાનો વિષય બની ગઈ હતી. કૃતિએ આ વાત કહી ત્યારે કરીનાએ પણ આઈ નો કહીને પોતાની પ્રતિક્રિયા આપી હતી. આમ, રક્ષાબંધન એડથી શરૂ થયેલો કપડાં અને પરંપરાનો વિવાદ હવે ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે.

વિવાદ બાદ કૃતિએ મહિલાઓના કપડાં, પિતૃસત્તા જેવા મુદ્દાઓને લઈને પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ્સ શેર કરી હતી. ત્યારબાદ તેણે કપડાંને જાતીય હિંસા માટે જવાબદાર ઠેરવવાની માનસિકતા પર સવાલ ઉઠાવતી એક પોસ્ટ પણ શેર કરી હતી. જોકે આ પોસ્ટ્સમાં તેણે સીધી રીતે જીવાની જાહેરાતનો ઉલ્લેખ કર્યો નહોતો. આ વિવાદ વચ્ચે જીવાએ આખરે જાહેરાત તમામ મીડિયા પ્લેટફોર્મ પરથી હટાવી લીધી હતી.

**આ વિવાદ વચ્ચે જીવાએ આખરે જાહેરાત તમામ મીડિયા પ્લેટફોર્મ પરથી હટાવી લીધી હતી**

# કિયારા-સિદ્ધાર્થ ફરી બનશે મમ્મી-પપ્પા

## બંને કલાકારોએ બીજી વખત માતા-પિતા બનવાની ખુશખબર સોશિયલ મીડિયા પર શેર કરી છે

મુંબઇ

બોલિવૂડના લોકપ્રિય કપલ કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાના ઘરે ફરી એકવાર ખુશીઓનું આગમન થવાનું છે. બંને કલાકારોએ બીજી વખત માતા-પિતા બનવાની ખુશખબર સોશિયલ મીડિયા પર શેર કરી છે. કિયારાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક ખાસ પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી છે, જે બાદ ફેન્સ અને બોલિવૂડ સેલેબ્સ તરફથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. કિયારા અને સિદ્ધાર્થે પોતાની પોસ્ટમાં એકદમ ક્યૂટ અંદાજ અપનાવ્યો છે. ફોટામાં બંનેના હાથમાં નાનકડા ક્યૂટ મોજાં જોવા મળે છે, જ્યારે તેમની દીકરી સરાયાહ મલ્હોત્રાનો નાનો હાથ પણ ફોટામાં નજરે પડે છે. ખાસ વાત એ છે કે પોતાના પહેલા બાળકના આગમનની જાહેરાત વખતે પણ કપલે લગભગ આ જ પ્રકારનો અંદાજ અપનાવ્યો હતો. આ વખતે પણ એ જ સ્ટાઈલમાં પ્રેગ્નન્સીની જાહેરાતે ફેન્સનું ધ્યાન ખેંચ્યું છે. કિયારા અને સિદ્ધાર્થે સુંદર પોસ્ટ શેર કરી. પોસ્ટ શેર કરતાં કપલે લખ્યું, 'અમને ફરી એકવાર સૌથી મોટી ભેટ મળી છે. અમારું હૃદય પ્રેમ અને કૃતજ્ઞતાથી ભરેલું છે.' આ પોસ્ટ સામે આવતાં જ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગઈ છે. ફેન્સ ઉપરાંત ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક સેલેબ્સ પણ કિયારા અને સિદ્ધાર્થને આ ખુશખબર માટે અભિનંદન આપી રહ્યા છે.કિયારા અને સિદ્ધાર્થ પહેલેથી જ એક દીકરીના માતા-પિતા છે. બંનેએ જુલાઈ 2025માં પોતાની પ્રથમ સંતાન તરીકે દીકરી સરાયાહનું સ્વાગત કર્યું હતું. હવે માત્ર એક વર્ષથી થોડા વધુ સમય બાદ કપલે બીજા બાળકના આગમનની જાહેરાત કરી છે.



# 'તૂ હૈ મેરી કિરણ'નું ટ્રેલર રિલીઝ, લવ સ્ટોરીમાં પ્રેમ કરતા ઝનૂન વધારે

## બન્નેની લવસ્ટોરી ઘણી રીતે અલગ પડે છે પણ થીમ સરખી હોવાનું ફીલ ફેન્સને થાય છે

મુંબઇ

એક લાંબા બ્રેકબાદ સોનાક્ષી સિન્હા સ્ક્રિન પર કમબેક કરી રહી છે. ફેન્સમાં સોનાક્ષી અને ઝહીર ઈક્બાલની જોડી ફેવરીટ માનવામાં આવી છે. બન્નેની મજાકમસ્તી અનેકવાર ફેન્સ માટે ચર્ચાનો વિષય બની છે. રીયલ લાઈફ કપલ હવે ઓન સ્ક્રિન જોવા મળશે. હવે બન્ને એકબીજા સાથે સ્ક્રિન શૅર કરવા જઈ રહ્યા છે. 'તુ હૈ મેરી કિરન' ફિલ્મ આવી રહી છે. આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરી દેવામાં આવ્યું છે. એક અલગ સ્ટોરી લઈ ફિલ્મ આવી રહી છે. ફિલ્મની સ્ટોરીમાં કિરન નામની એક છોકરી છે જેની આસપાસ સ્ટોરી ફરી રહી છે. આની પાછળ એક યંગબોય પ્રેમમાં પાગલ છે. સોનાક્ષી કિરનનો રોલ પ્લે કરી રહી છે જ્યારે ઝહીર આશિકના રોલમાં છે. ધીમે ધીમે પ્રેમ વધતા આશિકનો પ્રેમ એક ઝનૂની રૂપ લઈ લે છે. કિરનને ફોલો કરવાની સાથે પછી તે પામવા સુધીની લડાઈ લડે છે. પછી કિરનને શું ફીલ થાય છે એના પર સમગ્ર ફિલ્મ છે. ટ્રેલર પરથી કહી શકાય કે, આ ફિલ્મમાં આશિક કંઈ સામાન્ય નથી. એક્ટિંગ પણ દમદાર છે. કિરન સાથેની દૂરી સહન ન થતા કેવા પગલાં લે છે અને કઈ હદ સુધી જાય છે એના પર ફિલ્મની વાર્તા છે. ફિલ્મમાં સારી એવી સિનેમેટોગ્રાફી કરવામાં આવી છે. ટ્રેલરની એક પણ ફ્રેમ સ્કિપ કરવા જેવી લાગતી નથી. ટ્રેલરની શરૂઆત એક દમદાર ડાયલોગ સાથે થાય છે. ટ્રેલર જોઈને ફેન્સ એવું કહે છે કે, ટ્રેલરમાં જ ઘણા બધા સસ્પેન્સ છે. ફિલ્મમાં સ્ટોરી ઘણી રીતે ટ્વિસ્ટ થશે અને ટર્ન પણ થઈ જશે. સમગ્ર ફિલ્મ એક સસ્પેન્સ થ્રિલર ફિલ્મ છે. ફિલ્મ છેક સુધી દર્શકોને બેસાડી રાખવામાં સફળ થાય એવું ટ્રેલર પરથી લાગી રહ્યું છે. સોનાક્ષી અને ઝહીરની જોડીને ફેન્સ ઓફ સ્કિન પર એટલી પસંદ કરે છે. હવે આ જોડી ઓનસ્કિન આવી રહી છે. એટલે જોવાની મજા પડશે આ સાથે એક અલગ સ્ટોરી પણ ફેન્સને દેખાશે. થોડા સમય પહેલા એક ફિલ્મ આવી હતી, નામ હતું 'એક દિવાને કી દીવાનીયત'. આ ફિલ્મ અને સોનાક્ષની નવી ફિલ્મ બન્ને એક જ થીમ પર આધારિત હોય એવું લાગી રહ્યું છે.





# મુંબઈમાં બિગ બોસ ફેમ અર્ચના ગૌતમના કેફેમાં કેશ કાઉન્ટરની ચોરી

## અર્ચના ગૌતમનું આ કેફે ઓય ચુરોસમાં વહેલી સવારે ચોરી થઈ હતી, અભિનેત્રીએ સીસીટીવી ફૂટેજ શેર કર્યા

મુંબઇ

'બિગ બોસ 16' ફેમ અભિનેત્રી અર્ચના ગૌતમના મુંબઈ સ્થિત કેફેમાં ચોરીની ઘટના સામે આવી છે. અર્ચનાએ પોતાના સોશિયલ મીડિયા પર ચોરીનો સીસીટીવી વીડિયો શેર કરીને સમગ્ર ઘટનાની જાણકારી આપી હતી. અહેવાલ અનુસાર, આ ચોરી વહેલી સવારે લગભગ 5થી 6 વાગ્યાની આસપાસ થઈ હતી. ઘટનામાં ચોર કેફેમાંથી આખું કેશ કાઉન્ટર જ ઉઠાવીને લઈ ગયો હોવાનું અર્ચનાએ જણાવ્યું હતું. અર્ચના ગૌતમનું આ કેફે ઓય ચુરોસમાં વહેલી સવારે ચોરી થઈ હતી. અભિનેત્રીએ સીસીટીવી ફૂટેજ શેર કરતાં જણાવ્યું કે, ચોર કેફેમાં ઘૂસ્યો અને કેશ કાઉન્ટર લઈને ફરાર થઈ ગયો. સીસીટીવીમાં કથિત ચોરની હરકતો પણ જોવા મળી રહી છે, જેને આધારે અર્ચનાએ પોલીસને આરોપીને વહેલી તકે શોધી કાઢવા વિનંતી કરી છે. અર્ચનાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે તેણે આ કેફે ખૂબ મહેનત અને પોતાની બચતના પૈસા લગાવીને બનાવ્યું છે. કેફેની એક-એક વસ્તુ તેણે પોતાની મહેનતથી તૈયાર કરી હોવાનું પણ તેણે જણાવ્યું હતું. પરંતુ ચોર કેફેમાં ઘૂસીને આખું કેશ કાઉન્ટર જ લઈ ગયો હોવાને કારણે અભિનેત્રીને મોટો આઘાત લાગ્યો છે. આ ઘટનાને લઈને અર્ચનાએ પોલીસમાં એફઆઈઆર નોંધાવી હોવાનું જણાવ્યું છે. તેણે મુંબઈ પોલીસને અપીલ કરી છે કે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીને શક્ય તેટલી વહેલી તકે શોધી કાઢવામાં આવે અને તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. અર્ચનાના જણાવ્યા અનુસાર, મુંબઈ તેને હંમેશાં સુરક્ષિત શહેર લાગ્યું છે, તેથી પોતાના કેફેમાં બનેલી આ ઘટનાથી તે વધુ દુઃખી થઈ છે. અભિનેત્રીએ માત્ર પોતાની ફરિયાદ જ કરી નથી, પરંતુ આ સીસીટીવી વીડિયો શેર કરવાનો હેતુ લોકોને સાવચેત કરવાનો પણ હોવાનું જણાવ્યું છે. તેણે પોતાના ફોલોઅર્સને ઘર અને બિઝનેસની સુરક્ષા અંગે સતર્ક રહેવા, આસપાસની સ્થિતિ પર ધ્યાન આપવા અને જરૂરી સુરક્ષા વ્યવસ્થા જાળવવા અપીલ કરી છે.

# રાજપાલ યાદવે સુપ્રીમ કોર્ટની સુનાવણીમાં વ્યક્ત કર્યું દુ:ખ, '17 કરોડ રૂપિયા ડૂબી ગયા

મુંબઇ

રાજપાલ યાદવ આજકાલ પોતાની ફિલ્મો કરતાં ચેક બાઉન્સના કેસને લઈને વધુ ચર્ચામાં રહે છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે તેમને બાકીની રકમ જમા કરાવવા બાબતે આકરી ફટકાર લગાવી હતી. કોર્ટે ત્યાં સુધી કહી દીધું કે તેમની જગ્યા જેલમાં છે. તમને જણાવી દઈએ કે આ મામલો લગભગ 16 વર્ષ જૂનો છે, જેની શરૂઆત 2010માં રાજપાલ યાદવની ફિલ્મ 'અતા પતા લાપતા' સાથે જોડાયેલી હતી. સુપ્રીમ કોર્ટ અને રાજપાલ યાદવ વચ્ચે રસપ્રદ વાતચીત સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ સૂર્ય કાંતે રાજપાલ યાદવને પૂછ્યું કે કોઈ સીરિયલ કે ફિલ્મ બનાવી રહ્યા છો કે નહીં. આ બાબતે રાજપાલ યાદવે જવાબ આપ્યો કે 16 વર્ષમાં 250 ફિલ્મો કરી ચૂક્યો છું. આ ફિલ્મમાં 5 કરોડ લગાવીને 250 કરોડ



રૂપિયા ડૂબાડી ચૂક્યો છું. સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને 1 કરોડ 15 લાખ રૂપિયા જમા કરાવવા કહ્યું છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે સોમવાર સુધીમાં બાકીના 85 લાખ રૂપિયા RTGS દ્વારા જમા કરાવવા જણાવ્યું. વાતચીતમાં માહોલ હળવો કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. જજ સૂર્ય કાંતે રાજપાલ યાદવને કહ્યું કે, 'કોઈ સારી ફિલ્મ બનાવો, અમારી પાસે પણ ઘણા એડવોકેટ સારા એક્ટર છે.' આ બાબતે રાજપાલ યાદવે જવાબ આપ્યો કે, 'અતા પતા લાપતામાં નુકસાન થઈ ચૂક્યું છે. આ ચક્કરમાં મારા 17 કરોડ રૂપિયા ડૂબી ચૂક્યા છે. તમે જ્યારે પણ ઈચ્છો, જ્યાં મોકલવા માંગો, હું જવા તૈયાર છું. પરંતુ કુલ 22 કરોડ રૂપિયા હતા. આનાથી એક રૂપિયો પણ કમાઈ શકાયો નથી. આ ફિલ્મ એક પણ થિયેટરમાં રિલીઝ થઈ શકી નહોતી.' આ કિસ્સો વર્ષ 2010નો છે, જ્યારે રાજપાલ યાદવે પોતાની ફિલ્મ 'અતા પતા લાપતા' બનાવવા માટે દિલ્હીની કંપની મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી આશરે 5 કરોડ રૂપિયાની મદદ લીધી હતી.

### 36 વર્ષની ઉંમરે, IPLમાં RCB માટે 45 વિકેટ ઝડપી ઉત્કૃષ્ટ પ્રદર્શન બાદ તેમને ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે પસંદ કરાયા

# 4 વર્ષ સુધી વેદના સહી પણ જુસ્સો ન ગુમાવ્યો: ભૂવનેશ્વર કુમાર

મુંબઈ

અનુભવી સ્વિંગ બોલર ભુવનેશ્વર કુમારે 4 વર્ષ બાદ ભારતીય ટીમમાં વાપસી કરી છે. 36 વર્ષની ઉંમરે, IPLમાં RCB માટે 45 વિકેટ ઝડપી ઉત્કૃષ્ટ પ્રદર્શન બાદ તેમને ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે પસંદ કરાયા છે. 2022ના T20 વર્લ્ડ કપ બાદ બહાર થયા પછી, ભુવીએ શાંતિથી પરિશ્રમ કર્યો અને મેદાન પર પોતાની સ્કીલ સાબિત કરી, જે અનુભવ અને કૌશલ્યનું મહત્વ દર્શાવે છે. ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી સ્વિંગ બોલર ભુવનેશ્વર કુમારે 4 વર્ષ બાદ રાષ્ટ્રીય ટીમમાં વાપસી કરીને ટીકાકારોને જડબાતોડ જવાબ આપ્યો છે. વર્ષ 2022ના ટી20 વર્લ્ડ કપ બાદ જ્યારે તેમને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા, ત્યારે મોટાભાગના લોકો માનતા હતા કે તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો અંત આવી ગયો છે. જોકે, 36 વર્ષની ઉંમરે પોતાની મહેનત અને કૌશલ્યના દમ પર તેમણે ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ટીમ ઈન્ડિયામાં પુનઃ સ્થાન મેળવ્યું છે. અજિત અગરકર ચીફ સિલેક્ટર પદેથી હટતાં જ પસંદગીકારોએ અનુભવ અને સ્કીલને પ્રાધાન્ય આપતાં ભુવી પર ફરી વિશ્વાસ વ્યક્ત કર્યો છે.



વાપસી પાછળનું મોટું કારણ: IPLમાં શાનદાર પ્રદર્શન ભુવનેશ્વરની આ ઐતિહાસિક વાપસી પાછળ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં તેમનું ઉત્કૃષ્ટ પ્રદર્શન મુખ્ય પરિબળ રહ્યું છે: RCB માટે ઝડપી 45 વિકેટ: રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તરફથી રમતાં તેમણે 2025 અને 2026 બંને સીઝન મળીને કુલ 45 વિકેટ પોતાના નામે કરી હતી. દબાણ વચ્ચે સચોટ સ્વિંગ: ઝડપમાં સામાન્ય ઘટાડો થયો હોવા છતાં, નવી બોલને બંને તરફ સ્વિંગ કરાવવાની અને આખરી ક્ષણોમાં બેટ્સમેનોને થાપ આપવાની તેમની કળા આજે પણ એટલી જ ધારદાર રહી છે. શાંતિપૂર્વક પરિશ્રમ કર્યો, મેદાન પર આપ્યો જવાબ 2022 બાદ ટીમમાંથી બાકાત: 2022 T20 વર્લ્ડ કપ સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામેની હાર અને ત્યારબાદ ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં ફોર્મ અંગે પ્રશ્નો ઉઠતાં તેમને સિલેક્ટર્સની યોજનાઓમાંથી બહાર કરી દેવાયા હતા.

યુવા અને અતિશય ઝડપ ધરાવતા બોલરોને પ્રાથમિકતા મળતાં ભુવીની અવગણના થઈ હતી. વિવાદોથી રહ્યા દૂર: ટીમમાંથી ડ્રોપ થયા બાદ ભુવનેશ્વરે સિલેક્ટર્સ કે બોર્ડ સામે કોઈ નિવેદનબાજી ન કરી. તેમણે ઉત્તર પ્રદેશ માટે ડોમેસ્ટિક વ્હાઈટ-બોલ ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું, યુવા બોલરોને માર્ગદર્શન આપ્યું અને પોતાની ફિટનેસ તથા સ્વિંગ પર સતત કામ કર્યું.

## BCCIમાંથી અગરકરની વિદાય પર ગંભીર ભાવુક

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર પદેથી અજિત અગરકરના રાજીનામા બાદ, હેડ કોચ ગૌતમ ગંભીરે ભાવુક સંદેશ શેર કર્યો. ગંભીરે અગરકર સાથે કામ કરવાને સન્માન ગણાવ્યું અને તેમના કાર્યકાળમાં જીતેલી 3 ICC ટ્રોફીને 'ટીમ ફર્સ્ટ' વિચારસરણીનું પરિણામ કહ્યું. ગંભીરે જણાવ્યું કે, ઈતિહાસ અગરકર પ્રત્યે વધુ દયાળુ રહેશે કારણ કે તેમણે લોકપ્રિય નહીં, પણ ટીમ હિતના નિર્ણયો લીધા હતા. ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર (મુખ્ય પસંદગીકાર) ના પદેથી અજિત અગરકરના રાજીનામા બાદ ક્રિકેટ જગતમાંથી વિદાય સંદેશાઓનો સિલસિલો શરૂ થઈ ગયો છે.

ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે અગરકર સાથે કામ કરવાના અનુભવો યાદ કરીને સોશિયલ મીડિયા પર એક અત્યંત ભાવુક અને અર્થસભર સંદેશ શેર કર્યો છે. ગંભીરે અગરકરના કાર્યકાળ દરમિયાન ભારતે જીતેલી 3 આઈસીસી (ICC) ટ્રોફીઓને તેમની 'ટીમ ફર્સ્ટ' (સૌથી પહેલા ટીમ) વિચારસરણીનું પરિણામ ગણાવ્યું છે. ગૌતમ ગંભીરે પોતાના સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, 'પ્રિય અજિત ભાઈ, તમારી સાથે કામ કરવું મારા માટે અત્યંત સન્માનની વાત રહી છે. તે 3 આઈસીસી ટ્રોફીઓ તમારા એ વિશ્વાસની સાક્ષી પૂરે છે, જેમાં ટીમને હંમેશા વ્યક્તિગત સ્વાર્થથી ઉપર અને આગળ રાખવામાં આવી હતી.

### અમ્પાયરના નિર્ણયથી ભડક્યા કોચ ડેરેન સેમી

## ભારત-વેસ્ટ ઈન્ડિઝ T20માં વિવાદ: કેચ પકડ્યો છતાં આઉટ ન થયો ઈશાન કિશન

લખનઉ

લખનઉ ખાતે ભારત-વેસ્ટ ઈન્ડિઝની T20 મેચમાં ભારતે 8 વિકેટે વિજય મેળવી 1-0ની લીડ લીધી. શ્રેયસ ઐયરે અણનમ 102 રન બનાવ્યા. જોકે, ઈશાન કિશનના કેચ પર વિવાદ થયો. 11મી ઓવરમાં મેથ્યુ ફોર્ડે પકડેલો કેચ થર્ડ અમ્પાયરે 'નોટ આઉટ' આપતા વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ અને કોચ ડેરન સેમી નારાજ થયા. આ જીવનદાન બાદ ભારતે મેચ જીતી લીધી. લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી પાંચ મેચોની T20 શ્રેણીના પ્રથમ મુકાબલામાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને 8 વિકેટથી કારમી હાર આપી છે. ભારતે 172 રનનો ટાર્ગેટ માત્ર 14.4 ઓવરમાં ચેઝ કરીને



શ્રેણીમાં 1-0ની લીડ મેળવી લીધી છે. કેપ્ટન શ્રેયસ ઐયરે 43 બોલમાં 10 ચોગ્ગા અને 6 સિક્સર સાથે અણનમ 102 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. જોકે, આ મેચ દરમિયાન ઈશાન કિશનના એક વિવાદાસ્પદ કેચને કારણે મેદાન પર ભારે હોબાળો જોવા મળ્યો હતો. અભિષેક શર્મા (21 રન) અને સંજુ સેમસન (11 રન) આઉટ થયા બાદ ઈશાન કિશન અને શ્રેયસ ઐયર રનચેઝ આગળ વધારી રહ્યા હતા. 11મી ઓવરમાં શમર સ્પ્રિંગરના પાંચમા બોલ પર ઈશાન કિશને ઑફ-સ્ટમ્પ બહાર શોટ મારવાનો પ્રયાસ કર્યો. બોલ બેટની કિનારી લઈને ડીપ કવર તરફ ગયો, જ્યાં ફિલ્ડર મેથ્યુ ફોર્ડે આગળ દોડીને ડાઈવ લગાવી જમીનથી અત્યંત નજીક કેચ પકડી લીધો હતો.

## ICC રેન્કિંગમાં ઉથલપાથલ, પાકિસ્તાની બોલર્સે નંબર-1 નો તાજ ગુમાવ્યો

### બેટર્સમાં અય્યરની મોટી છલાંગ, કોહલીને નુકસાન

મુંબઈ

ICCએ તાજેતરની T20I અને વનડે રેન્કિંગ જાહેર કરી છે. ભારતીય T20 કેપ્ટન શ્રેયસ ઐયરે લખનઉમાં વેસ્ટ ઈન્ડિઝ સામે 102 રનની સદી ફટકારતા 18 સ્થાન સુધારીને કારકિર્દીના સર્વશ્રેષ્ઠ 7મા ક્રમે પહોંચી T20Iના ટોપ 10 બેટ્સમેનોમાં સ્થાન મેળવ્યું છે. T20Iમાં ઈશાન કિશન નંબર-1 અને અભિષેક શર્મા બીજા ક્રમે છે. રાશિદ ખાન નંબર-1 T20 બોલર બન્યો છે. અક્ષર પટેલ 7મા ક્રમે છે. વનડેમાં શુભમન ગિલ નંબર-1 પર યથાવત છે, જ્યારે વિરાટ કોહલી ત્રીજા ક્રમે સરક્યો છે.

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (ICC) બુધવારે પુરુષ ખેલાડીઓની તાજેતરની T20I અને વનડે રેન્કિંગ જાહેર કરી છે. ભારતીય T20 ટીમના કેપ્ટન શ્રેયસ ઐયરે રેન્કિંગમાં જબરદસ્ત કૂદકો માર્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે લખનઉ ખાતે પ્રથમ T20 મેચમાં 43 બોલમાં અણનમ 102 રનની તોફાની સદી ફટકારવાના દમ પર ઐયર 18 સ્થાનના સુધારા સાથે કારકિર્દીના સર્વશ્રેષ્ઠ 7મા ક્રમે પહોંચી ગયો છે. તેના ખાતામાં હવે 786 રેટિંગ પોઈન્ટ્સ છે અને તે પ્રથમ વખત T20Iના ટોપ 10 બેટ્સમેનોની યાદીમાં સામેલ થયો છે. વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન શેરફેન રધરફોર્ડે લખનઉ મેચમાં અડધી સદી ફટકાર્યા બાદ 10 સ્થાનના ફાયદા સાથે 37મો ક્રમ મેળવ્યો છે. T20I બોલિંગ: રાશિદ ખાન બન્યો નંબર-1,



અક્ષર પટેલની ટોપ 10માં એન્ટ્રી નંબર-1 બોલર બદલાયો: પાકિસ્તાનના સ્પિનર અબરાર અહેમદ (718 પોઈન્ટ) પાસેથી નંબર-1 T20 બોલરનો તાજ છીનવાઈ ગયો છે. અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર રાશિદ ખાન (720 પોઈન્ટ) ફરીથી ટોચના સ્થાને પહોંચી ગયો છે. અક્ષર પટેલને 16 સ્થાનનો ફાયદો: લખનઉ T20માં 26 રન આપીને 2 વિકેટ લેનાર ભારતીય સ્પિનર અક્ષર પટેલ 16 સ્થાનના જંગી ઉછાળા સાથે 7મા ક્રમે (664 પોઈન્ટ) પહોંચી ગયો છે. બાંગ્લાદેશના નસુમ અહેમદ (8મા ક્રમે) અને મહેદી હસન (9મા ક્રમે) પણ ટોપ 10માં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. ODI રેન્કિંગ: કોહલીને નુકસાન, શુભમન ગિલ નંબર-1 પર યથાવત વિરાટ કોહલી ત્રીજા ક્રમે સરક્યો: વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે શ્રેણીની છેલ્લી બે મેચોમાં મોટો સ્કોર ન કરી શકવાના કારણે કોહલી (781 પોઈન્ટ)ને 1 સ્થાનનું નુકસાન થયું છે અને તે ત્રીજા ક્રમે સરકી ગયો છે.



### ટ્રસ્ટી વેણુ શ્રીનિવાસને ટ્રસ્ટમાં ગવર્નન્સની ખામીઓના આરોપ

# ટાટા ટ્રસ્ટ્સને ચેરિટી કમિશનરની નોટિસ: 12 ઓક્ટોબર સુધી જવાબ માંગ્યો

મુંબઈ

મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરે ટાટા ટ્રસ્ટ્સને નોટિસ પાઠવીને 12 ઓક્ટોબર સુધી જવાબ માગ્યો છે. ટ્રસ્ટી વેણુ શ્રીનિવાસન દ્વારા સર દોરાબજી ટાટા ટ્રસ્ટમાં ગેરરીતિઓના આરોપો સાથે કરવામાં આવેલી ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. શ્રીનિવાસને 24 સપ્ટેમ્બરે મામલાની તપાસની માગ કરી હતી. શ્રીનિવાસનના જણાવ્યા અનુસાર, ટાટા ટ્રસ્ટ્સ હવે સમાજસેવાના પોતાના મુખ્ય કાર્યથી ભટકીને કંપનીઓના વ્યવસાયિક નિર્ણયોમાં દખલ કરી રહ્યું છે. ટ્રસ્ટીઓ પોતે મોટા



વ્યાવસાયિક સોદાઓ નક્કી કરવા, વાટાઘાટો કરવા અને તેમને અંતિમ સ્વરૂપ આપવા લાગ્યા છે, જે ચેરિટી ટ્રસ્ટના નિયમોની વિરુદ્ધ છે.

શ્રીનિવાસનની ફરિયાદ સાથે જોડાયેલી 4 મોટી બાબતો

બિઝનેસ ડીલ્સમાં સીધી દખલગીરી: ટાટા ટ્રસ્ટ્સ પર આરોપ છે કે તેણે ટાટા સન્સના કોમર્શિયલ સોદાઓ નક્કી કરાવવામાં સીધી રીતે ભાગ લીધો.

ચેરિટીના હેતુથી વિરુદ્ધ: સવાલ ઉઠાવવામાં આવ્યો છે કે એક ચેરિટેબલ ટ્રસ્ટનું બિઝનેસ ડીલ્સમાં આ રીતે સામેલ થવું શું તેના નિયમો અને સમાજસેવાના હેતુની વિરુદ્ધ નથી.

ટ્રસ્ટીઓની નિમણૂક પર સવાલ: ટ્રસ્ટમાં નવા ટ્રસ્ટીઓની પસંદગી કયા આધાર અને કયા નિયમો હેઠળ કરવામાં આવી રહી છે. ટ્રસ્ટના કામકાજની પારદર્શિતા પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

નોએલ ટાટાને આજીવન ટ્રસ્ટી બનાવવું: નોએલ ટાટાને કાયમ માટે ટ્રસ્ટી બનાવવાના દરજ્જા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે અને તેને નિયમોની વિરુદ્ધ ગણાવવામાં આવ્યું છે.

### વાહનોના વેચાણમાં ઈ-વ્હીકલ્સનો હિસ્સો 13 ટકા રહ્યો

# સપ્ટેમ્બરમાં ઓટો રિટેલ વેચાણમાં 31 ટકાથી વધુ વૃદ્ધિ: ટ્રેક્ટર્સમાં નબળાઈ

મુંબઈ

સપ્ટેમ્બરમાં ઓટો રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૩૧.૮૦ ટકાની વૃદ્ધિ સાથે કુલ વેચાણ આંક ૨૫,૩૬,૯૨૦ રહ્યો છે. વર્તમાન વર્ષનું સપ્ટેમ્બરનું ઓટો રિટેલ વેચાણ અત્યારસુધીના સપ્ટેમ્બર મહિનાનું શ્રેષ્ઠ રહ્યું છે એમ ફેડરેશન ઓફ ઓટોમોબોઈલ ડીલર્સ એસોસિએશન્સ (ફાડા)ના ડેટા જણાવે છે. ટ્રેક્ટર્સને બાદ કરતા મોટાભાગના વાહનોના વેચાણમાં આકર્ષક વૃદ્ધિ જોવા મળી છે. વાહનોના એકંદર વેચાણમાં ઈ-વ્હીકલ્સના હિસ્સામાં વધારો જોવા મળ્યો છે.



ઓગસ્ટની સરખામણીએ વેચાણમાં ૪.૭૦ ટકા વધારો થયો છે. છ મુખ્ય વાહન શ્રેણીમાંથી પાંચ પ્રકારના વાહનોનું વેચાણ અત્યારસુધીના સપ્ટેમ્બરનું સૌથી ઊંચુ રહ્યું છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ઓટો રિટેલ વેચાણ આંક ૨૦.૭૫ ટકા વધી ૧,૫૫, ૧૨,૩૧૯ વાહનો રહ્યું હોવાનું પણ ફાડાના સુત્રોએ જણાવ્યું હતું. વાહનોના વેચાણમાં ટુ વ્હીલર્સનું વેચાણ ૩૩ ટકા વધી ૧૭.૯૦,૧૮૮ એકમ રહ્યું છે જ્યારે ઊતારૂ વાહનોના વેચાણમાં ૩૨.૧૦ ટકાની વૃદ્ધિ રહીને ૪,૨૭,૨૧૩ એકમ રહ્યું છે. જન્માષ્ટમી તથા ગણપતિ જેવા તહેવારોને પરિણામે વાહનોના વેચાણમાં વધારો જોવા મળ્યા હોવાનું પણ ફાડાના સુત્રોએ ઉમેર્યુ હતું. અન્ય વાહનોની સરખામણીએ ટ્રેક્ટર્સનું વેચાણ ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં નબળુ રહ્યું છે. અલ નિનોને કારણે દેશના અનેક વિસ્તારોમાં ચોમાસાની નબળાઈને પરિણામે ટ્રેક્ટર્સના વેચાણ પર અસર જોવા મળી છે. જો કે ટ્રેક્ટર્સનું વેચાણ વાર્ષિક ધોરણે ૧૩.૭૫ ટકા વધી ૭૬૯૦૬ એકમ રહ્યું છે.

### રિટેલ લોન વિતરણમાં તેમનો હિસ્સો વધીને 43% પર પહોંચ્યો

# પ્રથમ વખત ધિરાણ મેળવતા ગ્રાહકોમાં 47 ટકા જેટલો હિસ્સો NBFCsનો

### રિટેલ લોન વિતરણનો હિસ્સો 33% થી વધીને 43% થયો છે. તેઓ હવે સ્થાપિત ક્રેડિટ હિસ્ટ્રી ધરાવતા ગ્રાહકોને પણ ધિરાણ આપી રહ્યા છે

મુંબઈ

જૂન ૨૦૨૬ સુધીમાં પ્રથમ વખત ધિરાણ મેળવતા (ન્યૂ-ટુ-ક્રેડિટ) ગ્રાહકોમાં નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ (એનબીએફસી)નો હિસ્સો લગભગ અડધોઅડધ (૪૭%) રહ્યો છે, જે ભારતમાં ઔપચારિક ધિરાણ માટેનું એક મુખ્ય પ્રવેશદ્વાર બની રહી છે તેમ ફાઈનાન્સ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ કાઉન્સિલ અને ટ્રાન્સયુનિયન સિબિલના સંયુક્ત અહેવાલમાં જણાવાયું હતું. છેલ્લા એક દાયકામાં એનબીએફસી એ સતત વિસ્તરણ કર્યું છે. તેમના સક્રિય ધિરાણ ગ્રાહકોનો આધાર લગભગ સાત ગણો વધ્યો છે. એ જ રીતે, રિટેલ લોન વિતરણમાં તેમનો હિસ્સો ૩૩% થી વધીને ૪૩% પર પહોંચ્યો છે. જોકે, એનબીએફસીના લોન વિતરણમાં પ્રથમ વખત લોન લેનારાઓનો હિસ્સો જૂન ૨૦૨૬ માં ઘટીને ૧૯% થઈ ગયો છે, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં ૨૮% હતો. આ દર્શાવે છે કે શેડો બેંકો





(એનબીએફસી) હવે સ્થાપિત ક્રેડિટ હિસ્ટ્રી ધરાવતા ગ્રાહકોને વધુ પ્રમાણમાં ધિરાણ આપી રહી છે. નાના મૂલ્યના ધિરાણમાં એનબીએફસીનો દબદબો યથાવત છે, જેમાં વોલ્યુમની દ્રષ્ટિએ રૂ. ૨ લાખ સુધીની લોનનો ગ્રાહક ધિરાણમાં ૮૨% હિસ્સો છે. અહેવાલ મુજબ, આ પ્રકારના વિતરણમાં બેંકોના ૧૭%ની સરખામણીએ એનબીએફસીનો હિસ્સો ૪૭% છે. એનબીએફસી જેમ જેમ વિસ્તરી રહી છે તેમ તેમ તેમની લોન બુકમાં પણ ફેરફાર થઈ રહ્યો છે. એનબીએફસીના ક્રેડિટ-એક્ટિવ કન્ઝ્યુમર વૉલેટ્સમાં વપરાશલક્ષી ધિરાણનો હિસ્સો જૂન ૨૦૧૬ ના ૫૧% થી વધીને જૂન ૨૦૨૬માં ૬૨% થયો છે. દરમિયાન, આ જ સમયગાળામાં વેપારલક્ષી ધિરાણનો હિસ્સો ૪%થી વધીને ૧૧% થયો છે.

નોન-બેંક ધિરાણકર્તાઓ કોમર્શિયલ ક્રેડિટ (વ્યાપારી ધિરાણ)માં પણ પોતાનો વ્યાપ વધારી રહ્યા છે. ક્રેડિટ-એક્ટિવ કોમર્શિયલ એકમોમાં તેમનો હિસ્સો જૂન ૨૦૨૧ના ૧૦%થી વધીને જૂન ૨૦૨૬માં ૧૮% થયો છે. એનબીએફસીની પહોંચ હવે માત્ર પ્રથમ વખત લોન લેનારાઓ પૂરતી મર્યાદિત નથી રહી. હવે પછીનો તબક્કો ગ્રાહકોની બદલાતી ક્રેડિટ જરૂરિયાતો અનુસાર તેમની સાથે વધુ ઊંડા અને લાંબા ગાળાના સંબંધો બાંધવાનો રહેશે.

## 161 SME લિસ્ટેડ IPOમાંથી 81 શેર્સ ઈશ્યૂ ભાવ કરતાં પણ નીચે

- **દેશના પ્રાઈમરી-આઈપીઓ માર્કેટમાં છેલ્લા કેટલાક મહિનાઓથી અનેક કંપનીઓના પ્રમોટરો, બુક રનિંગ લીડ મેનેજરો અને મર્ચન્ટ બૅન્કરો રોકડી કરી લેવાની દોટ મૂકી રહ્યા છે.**

મુંબઈ

પ્રાઈમરી માર્કેટમાં કંપનીઓ દ્વારા રોકાણકારોને આકર્ષવા અનેક હથકંડા અપનાવાયા છે. ફેક ગ્રે માર્કેટ પ્રીમિયમ અને ભ્રામક રિપોર્ટ્સ દ્વારા રિટેલ રોકાણકારોને IPO ભરવા લલચાવવામાં આવ્યા હતા. પરિણામે, 161 SME IPOમાંથી 81 તેમના ઈસ્યુ ભાવથી નીચે ટ્રેડ થઈ રહ્યા છે, જેમાં 24 IPO 50%થી વધુ ઘટ્યા છે. આનાથી રોકાણકારોને ભારે નિરાશા મળી છે.

દેશના પ્રાઈમરી-આઈપીઓ માર્કેટમાં છેલ્લા કેટલાક મહિનાઓથી અનેક કંપનીઓના પ્રમોટરો, બુક રનિંગ લીડ મેનેજરો અને મર્ચન્ટ બૅન્કરો રોકડી કરી લેવાની દોટ મૂકી રહ્યા છે. આ પ્રાઈમરી માર્કેટની બૂમમાં રોકાણકારોને તાણી લાવવા માટે અનેક હથકંડા અપનાવવામાં આવ્યા છે. જેમાં ફેક ગ્રે માર્કેટ પ્રીમિયમનો પ્રચાર કરવો અને કંપનીઓ વિશે રોકાણકારોને આંજી નાખે તથા વાસ્તવિકતાથી વિપરીત ગેરમાર્ગે દોરનારા રોઝી-ફુલગુલાબી અહેવાલો-રિપોર્ટનો પ્રચાર-પ્રસાર કરીને રિટેલ રોકાણકારોને આઈપીઓ ભરવા લલચાવવામાં આવ્યા હોવાનું સ્પષ્ટ જોવા મળ્યું છે. આના કારણે રિટેલ રોકાણકારો ભારે ભરાઈ પડયા હોવાના સ્પષ્ટ પુરાવા હવે સામે આવવા લાગ્યા છે અને વળતરમાં રોકાણકારોને ભારે નિરાશા હાથ લાગી છે.

# અમદાવાદની 10 સ્કૂલ-મોદી સ્ટેડિયમ અને AMC ઓફિસને બોમ્બથી ઉડાવવાની ધમકી

## વેજલપુરની ઝાયડસ, એશિયા સ્કૂલ, હાઈકોર્ટ અને દિગ્ગજ ગાયક દિલજીત દોસાંઝના કાર્યક્રમને નિશાન બનાવતા ઈમેઈલથી સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ, વાલીઓમાં ભારે ફફડાટ અને સ્કૂલો ખાલી કરાવવાની ફરજ પડી







અમદાવાદ

ગુજરાતના પાવર હાઉસ ગણાતા અમદાવાદ શહેરમાંથી ફરી એકવાર ખૌફનાક અને હચમચાવી નાખનારા સમાચાર સામે આવી રહ્યા છે. શહેરમાં એકસાથે બ્લાસ્ટ કરવાની ધમકીઓ મળતાની સાથે જ સમગ્ર તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ વખતે માત્ર શાળાઓ જ નહીં, પરંતુ દેશનું ગૌરવ સમાન નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, ગુજરાત હાઈકોર્ટ અને યુવાનોમાં ભારે ક્રેઝ ધરાવતા ગાયક દિલજીત દોસાંજના મ્યુઝિક કોન્સર્ટના કાર્યક્રમને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી આપવામાં આવી છે. એક રહસ્યમય ઈમેઈલ દ્વારા આ ધમકી મળતાની સાથે જ પોલીસ બેડામાં કટોકટી જેવું વાતાવરણ સર્જાઈ ગયું છે.

આ ધમકીની ઝપેટમાં અમદાવાદની અંદાજે દસ જેટલી નામાંકિત શાળાઓ આવી છે. જેમાં ખાસ કરીને વેજલપુર વિસ્તારમાં આવેલી પ્રખ્યાત ઝાયડસ સ્કૂલ, સેટેલાઈટ અને બોડકદેવ વિસ્તારની સ્કૂલ ફોર ચિલ્ડ્રન, છારોડી ખાતે આવેલી એસજીવીપી સ્કૂલ, સંત કબીર સ્કૂલ તેમજ ડ્રાઈવ ઈન રોડ પર આવેલી જાણીતી એશિયા સ્કૂલ સહિતની અતિ મહત્વની શાળાઓનો સમાવેશ થાય છે. શાળાઓ ચાલુ હતી તે દરમિયાન જ આ પ્રકારનો ધમકીભરેલો સંદેશો મળતાની સાથે જ સંચાલકો અને વાલીઓનાં શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

સ્થિતિની ગંભીરતાને પારખીને ઝાયડસ સ્કૂલ સહિતની તમામ સંસ્થાઓએ તાત્કાલિક ધોરણે વાલીઓને ફોન કરીને મેસેજ મોકલ્યા હતા અને તેમના બાળકોને તાત્કાલિક સુરક્ષિત રીતે સ્કૂલમાંથી લઈ જવા માટે જણાવ્યું હતું. અચાનક બાળકોને પરત બોલાવી લેવાના આદેશથી સ્કૂલ બહાર વાલીઓની ભારે ભીડ જામી ગઈ હતી અને ચારેય બાજુ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ડરના માર્યા વાલીઓ પોતાના વ્હાલસોયા બાળકોને લેવા માટે દોડી આવ્યા હતા.

મામલો માત્ર શાળાઓ પૂરતો સીમિત નથી, પરંતુ ખતરો તેનાથી ઘણો મોટો છે. અમદાવાદના ગૌરવ સમાન વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને ગુજરાત હાઈકોર્ટને પણ આ જ ધમકીમાં નિશાન બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, શહેરમાં યોજાનારા લોકપ્રિય સિંગર દિલજીત દોસાંઝના લાઈવ કોન્સર્ટ અને કાર્યક્રમમાં પણ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવતા યુવા વર્ગ અને આયોજકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

સુરક્ષા એજન્સીઓ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો તાત્કાલિક હરકતમાં આવી ગઈ છે અને ધમકીભર્યા ઈમેઈલનું આઈપી એડ્રેસ ટ્રેક કરવાની સાથે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દીધી છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ અનેક શાળાઓ અને ગુજરાત હાઈકોર્ટ સહિત અમદાવાદની અલગ-અલગ કોર્ટોને બોમ્બથી ઉડાવી દેવાની ફેક કે ગંભીર ધમકીઓ અવારનવાર મળી ચૂકી છે, પરંતુ એકસાથે સ્ટેડિયમ, મોટા કલાકારના શો અને સ્કૂલોને ટાર્ગેટ કરતી આ ધમકીએ સુરક્ષા વ્યવસ્થા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા કર્યા છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના વાચકો માટે આ ઘટના અમદાવાદની સુરક્ષા વ્યવસ્થા પર એક મોટો કાળો ડાઘ સાબિત થઈ રહી છે અને પોલીસ તેમજ ગુપ્તચર એજન્સીઓ માટે આ એક અગ્નિપરીક્ષા સમાન બની ગયું છે.

# નરોડામાં જાહેર રોડ પર મર્સિડિઝમાં કેક રાખીને જન્મદિવસની ઉજવણી!!

## ફટાકડા ફોડ્યા... નરોડા PIએ કહ્યું-ગાડીના નંબરના આધારે ઓળખ કરીને ગુનો નોંધાશે

અમદાવાદ

અમદાવાદના નરોડા વિસ્તારમાં જાહેરમાં જન્મદિવસની ઉજવણીનો વીડિયો વાયરલ થયો છે. જાહેર રોડ પર મર્સિડીઝ ગાડી ઉભી રાખી તેના ઉપર કેક રાખી અને બાદમાં રોડ ઉપર ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. વાયરલ વીડિયોમાં ચાર જેટલા યુવકો જોવા મળે છે. જાહેર રોડ ઉપર જ જન્મદિવસની ઉજવણી માટે કેક ફેંકી અને રોડ રસ્તા ખરાબ પણ કર્યા હતા. વાયરલ વીડિયોના આધારે નરોડા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એમ કાતરીયાએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, જાહેર રોડ ઉપર ફટાકડા ફોડી અને જન્મદિવસની ઉજવણી અંગેનો એક વીડિયો અમારી પાસે આવ્યો છે આ બાબતે અમે ખરાઈ કરી રહ્યા છીએ. વીડિયોમાં દેખાતી ગાડીના નંબરના આધારે વ્યક્તિ કોણ છે અને ત્યાંના રહેવાસી છે તે અંગે તપાસ કરીને ગુનો નોંધવામાં આવશે. પ્રતિદિન હવે જાહેર રોડ ઉપર ગાડી



ઉભી રાખી અને ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણીના કિસ્સાઓ વધી રહ્યા છે. જાહેર રોડ ઉપર જનતાની અવરજવર થતી હોય છે અને આસપાસમાં રહેણાંક વિસ્તાર પણ હોય છે ત્યારે મોડી રાત્રે ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણીનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાહેર રોડ પર મર્સિડીઝ ગાડી ઉભી રાખી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી છે, જેમાં ગાડીના પાછળના ભાગે કેક રાખવામાં આવી છે.

# BSNL પેન્શનરોનું ફિક્સ મેડિકલ એલાઉન્સ બંધ કરાતાં ગુજરાતભરમાં વિરોધ

## વાઉચર ક્લેમની ચુકવણીમાં 12 થી 24 મહિનાનો વિલંબ થતો હોવાનો આક્ષેપ

અમદાવાદ

ઓલ ઈન્ડિયા BSNL-DOT પેન્શનર્સ એસોસિએશન (AIBDPA) અને 'કમિટી ઓફ BSNL-MTNL પેન્શનર્સ એસોસિએશન' ના આહ્વાન પર BSNL પેન્શનરોને મળતું માસિક ફિક્સ મેડિકલ એલાઉન્સ બંધ કરવાના નિર્ણય સામે રાજ્યભરમાં ઉગ્ર વિરોધ પ્રદર્શનો યોજાયા છે. BSNL દ્વારા અગાઉથી મળતી આ મહત્વપૂર્ણ આઉટડોર સુવિધા બંધ કરીને તેના બદલે મેડિકલ વાઉચર્સ રજૂ કરવાની નવી પ્રક્રિયા અમલમાં મૂકાતાં પેન્શનરોમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

સંગઠનની રજૂઆત અનુસાર, નિવૃત્તિ બાદ અનેક પેન્શનરો અને ફેમિલી પેન્શનરો દૂરના ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરે છે, જ્યાં BSNL ની માન્ય હોસ્પિટલો ઉપલબ્ધ નથી. વાઉચર વિના મળતી નિશ્ચિત માસિક રકમ સામાન્ય તથા લાંબા ગાળાની બીમારીઓની દવાઓ ખરીદવા માટે અત્યંત ઉપયોગી નીવડતી હતી. આ સુવિધા બંધ થવાથી વૃદ્ધ પેન્શનરો માટે તબીબી ખર્ચ પહોંચી વળવો મુશ્કેલ બન્યો છે.

પેન્શનરોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે BSNL માં વાઉચર મારફતે કરવામાં આવતા મેડિકલ ક્લેમની ચુકવણીમાં વહીવટી પ્રક્રિયાના કારણે 12 થી 24 મહિના જેટલો લાંબો સમય વિલંબ થાય છે. આથી વાઉચર આધારિત પ્રથા વ્યવહારુ નથી. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને રાજકોટ સહિત સમગ્ર ગુજરાતની BSNL કચેરીઓ સમક્ષ આવેદનપત્રો આપી આદેશ પાછો ખેંચવા માંગ કરવામાં આવી છે.

AIBDPA રાજકોટ જિલ્લા શાખા અને રાજ્યભરના સંગઠનોએ વાઉચર વિના મળતી રૂ. 1,000ની માસિક મેડિકલ એલાઉન્સની સુવિધા યથાવત રાખવા કડક માંગ કરી છે. કેન્દ્રીય કમિટીના નિર્ણય મુજબ દેશભરમાં BSNL અને MTNL ના પેન્શનરોએ કચેરીઓ સામે વિરોધ પ્રદર્શન કરીને તેમજ કાળા પટ્ટી ધારણ કરીને વિરોધ નોંધાવ્યો છે અને માંગણીઓ ન સંતોષાય તો આગામી દિવસોમાં આંદોલન તેજ કરવાની ચેતવણી આપી છે.

અમદાવાદ જિલ્લામાં ખાખી વર્દીમાં ખળભળાટ

# SPએ સાણંદ પોલીસ સ્ટેશનના ચાર PSI સહિત બાર પોલીસકર્મીઓની કરી સામૂહિક બદલી

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય પોલીસ બેડામાંથી એક અત્યંત મોટા અને સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક એટલે કે એસપી દ્વારા સાણંદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની સામૂહિક બદલીનો આદેશ છોડવામાં આવ્યો છે. આ કડાકાભેર કાર્યવાહી હેઠળ ચાર પોલીસ સબ ઈન્સ્પેક્ટર એટલે કે પીએસઆઈ સહિત કુલ બાર પોલીસકર્મીઓની એકસાથે અન્ય સ્થળે બદલી કરી દેવામાં આવી છે, જેના કારણે સમગ્ર પોલીસ વિભાગમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મૂળ વાત એ છે કે થોડા સમય અગાઉ જ વહીવટી કારણોસર કે અન્ય



ગુપ્ત ફરિયાદોના આધારે સાણંદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એટલે કે પીઆઈની પણ તડકાસાહેબ બદલી કરી દેવામાં આવી હતી. પીઆઈની વિદાય બાદ હવે સ્ટેશનના ચાર પીએસઆઈ અને અન્ય પોલીસકર્મીઓ સહિત કુલ બાર કર્મચારીઓની સામૂહિક બદલી થતા આ સમગ્ર મામલો અત્યારે ચર્ચાનો ચકડોળ બન્યો છે. એક જ પોલીસ સ્ટેશનમાંથી આટલી મોટી સંખ્યામાં સ્ટાફને સાગમટે ખસેડી લેવામાં આવતા અનેક પ્રકારની શંકા-કુશંકાઓ અને અટકળોનું બજાર ગરમ થઈ ગયું છે. સાણંદ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ચાલતી ગતિવિધિઓ, કથિત વહીવટો અને કામગીરી સામે ઉઠેલા સવાલોને લઈને ઉચ્ચ સ્તરેથી આ મોટો અને કડક નિર્ણય લેવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રજાની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેના પર છે, તે જ ખાખીધારીઓ સામે જો આ પ્રકારે સામૂહિક બદલીના પગલાં ભરવા પડે, તો તે વહીવટી તંત્ર માટે પણ ગંભીર વિચાર માંગી લેતી બાબત છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના વાચકો માટે આ અહેવાલ એ વાતની સાક્ષી પૂરે છે કે ભ્રષ્ટ કે બેજવાબદાર વ્યવહારો સામે હવે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા લાલ આંખ કરવામાં આવી રહી છે.

# સેટેલાઇટમાં નિવૃત્ત બેંક કર્મચારી હનીટ્રેપનો શિકાર બની

અમદાવાદ

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા 63 વર્ષીય નિવૃત્ત બેંક કર્મચારીને સોશિયલ મીડિયા પર થયેલી મિત્રતા ભારે પડી છે. ઓક્ટોબર 2025માં ફેસબુક પર તેમનો 'પાયલ' નામની એક યુવતી સાથે સંપર્ક થયો હતો. બંને વચ્ચે ઓનલાઈન વાતચીત બાદ મિત્રતા થઈ હતી, જે બાદ પાયલે વૃદ્ધને મળવા માટે દહેગામ રોડ પાસે બોલાવ્યા હતા.

વૃદ્ધ જ્યારે દહેગામ રોડ પહોંચ્યા ત્યારે પાયલ તેમની ગાડીમાં આવીને બેઠી હતી. જોકે, ગણતરીની સેકન્ડોમાં જ એક બાઈક પર બે શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. આ બંનેએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપીને વૃદ્ધને ડરાવવાનું શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે, 'પાયલનું નામ નાર્કોટિક્સ (ડ્રગ્સ) કેસમાં બોલે છે અને હવે આ કેસમાં તમારું પણ નામ આવશે.' આ પ્રકારે ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપીને તેમણે અલગ-અલગ દિવસે કુલ 24 લાખ રૂપિયા વૃદ્ધ પાસેથી પડાવી લીધા હતા. મોટી રકમ પડાવી લીધા બાદ લાંબા સમય સુધી આ ટોળકીએ વૃદ્ધનો સંપર્ક કર્યો ન હતો.

12 વાગ્યા સુધી જ માઈક ચાલુ રાખી શકાશે

# પાર્ટી પ્લોટ, ક્લબ કે સોસાયટી અને શેરી ગરબા માટે પોલીસના 44 નિયમ

અમદાવાદ

અમદાવાદમાં 11થી 20 ઓક્ટોબર દરમિયાન નવરાત્રિ અને દશેરા પર્વ યોજાશે. પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડી આયોજકો માટે 44 નિયમો બનાવ્યા છે, જેમાં પરવાનગી માટે 12 અને વ્યવસ્થા માટે 32 નિયમોનો સમાવેશ થાય છે. રાત્રે 12 વાગ્યા પછી માઈક સિસ્ટમ બંધ કરવી ફરજિયાત છે. મહિલા સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા અને ડ્રગ્સ મુક્ત વાતાવરણ પર ભાર મૂકવામાં આવ્યો છે. અમદાવાદમાં આગામી તા. 11થી 20 દરમિયાન યોજાનારી નવરાત્રિ અને દશેરાના પર્વને લઈને પોલીસ કમિશનરે સત્તાવાર જાહેરનામું બહાર પાડ્યું છે. પાર્ટી પ્લોટ, ક્લબ, સોસાયટીઓ અને શેરી ગરબાના આયોજકો માટે પોલીસે કુલ 44 નિયમોની યાદી જાહેર કરી છે. જેમાં પરવાનગી માટે 12 નિયમો અને વ્યવસ્થા માટે 32 નિયમોનો સમાવેશ થાય છે. આ નિયમોનો હેતુ નાગરિકોની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા અને શાંતિ જાળવવાનો છે. પોલીસના જાહેરનામા મુજબ, કોઈપણ આયોજનમાં સત્તાવાર રીતે રાત્રે 12 વાગ્યા સુધી જ માઈક સિસ્ટમ, લાઉડ સ્પીકર કે પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે. રાત્રે 12 વાગ્યા પછી માઈક ચાલુ રાખી શકાશે નહીં અને નોઈઝ પોલ્યુશનના નિયમોનું



સખત પાલન કરવાનું રહેશે. હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને કોર્ટની આસપાસના સાયલન્ટ ઝોનમાં માઈક કે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં. બિનવ્યાવસાયિક એવા સોસાયટીઓ અને શેરી ગરબાઓમાં લાઉડ સ્પીકરની મંજૂરી સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી પી.આઈ. દ્વારા આપવામાં આવશે, જે મોટી રાહતની બાબત છે. જ્યારે ટિકિટ કે પાસ ધરાવતા પાર્ટી પ્લોટ અને ક્લબના વ્યાવસાયિક આયોજનો માટે પોલીસ સ્ટેશનના અભિપ્રાય બાદ એસીપી (ટ્રાફિક) દ્વારા મંજૂરી અપાશે.

## સંક્ષીપ્ત સમાચાર

### બોસનો બનાવટી મેસેજ, એકાઉન્ટન્ટ પાસેથી ₹95.80 લાખની ઉઘરાણી: બીજા દિવસે ₹1.26 કરોડ માગતાં શંકા ગઈ

શહેરમાં એલિસબ્રિજ ખાતે આવેલી ફાઈનાન્સ કંપનીમાં કામ કરતા આધેડ વયના એકાઉન્ટન્ટને કંપનીમાં બોસના નામે સાયબર ગઠિયાઓએ મેસેજ કરીને રૂ.95.80 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. જે નંબર પરથી બોસ બનીને મેસેજ કરવામાં આવ્યો હતો, તે નંબર બોસના નામથી જ સેવ કરવામાં આવ્યો હતો અને બોસનો ફોટો ડીપીમાં મૂકવામાં આવ્યો હતો. બીજા દિવસે ફરીથી ગઠિયાએ બોસ બની રૂ.1.26 કરોડ ટ્રાન્સફર કરવાનું કહેતા સાયબર ફ્રોડની જાણ થતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. સેટેલાઈટમાં રહેતા 51 વર્ષીય આધેડ એલિસબ્રિજમાં આવેલી ખાનગી ફાઈનાન્સ કંપનીમાં છ મહિનાથી એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે. કંપનીના પૈસા ટ્રાન્સફર કરવાનું કામ પણ આધેડ જ કરે છે. 6 જુલાઈના રોજ એકાઉન્ટન્ટને વોટ્સએપ પર કંપનીના બોસના નામથી સેવ કરેલા નંબર અને બોસના ફોટો વાળા ડીપીથી મેસેજ આવ્યો હતો. જેમાં કોઈ એકાઉન્ટ નંબર આપી તેમાં રૂ.95.80 લાખ ટ્રાન્સફર કરવા કહ્યું હતું. જેથી એકાઉન્ટન્ટે બોસ સમજીને પૈસા ટ્રાન્સફર કરી દીધા હતા.

### એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં માટી પુરાણ વખતે દીવાલ ધરાશાયી થતાં શ્રમિકનું મોત

શહેરના મણિનગર વિસ્તારમાં આવેલી એ લ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં નવી બની રહેલી બિલ્ડિંગ પાસે અચાનક દીવાલ ધરાશાયી થઈ હતી. દીવાલના કાટમાળ નીચે દબાઈ જવાથી 27 વર્ષીય શ્રમિકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. દિવાલ પ ડતા નજીકમાં કામ કરતા મજૂરો દોડી આવ્યા હતા અને કા ટમાળ ખસેડી શ્રમિકને બહાર કાઢી તાત્કાલિક એલ. જી. હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે મણિનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૂળ પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના ચાંદપુરના વતની અને હાલ એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં રહીને લેબર કામ કરતા છુટન શુકુમાર મંડલ (ઉં.વ. 27) મંગળવારે સવારે જૂની એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં કડિયા મજૂરી કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક માટી પુરાણના કારણે બાજુની દીવાલ પર દબાણ વધતાં દીવાલ એકાએક તેમના પર ધરાશાયી થઈ હતી. દીવાલનાં કાટમાળ નીચે નીચે દબાઈ જવાને કારણે શુકુમારને ગંભીર ઈજાઓ પહોંચતા બેભાન થઈ ઢળી પડ્યા હતા.

### કન્ટેમ્પ્ટ કેસમાં ગુજરાત હાઇકોર્ટ દ્વારા પાટણ પોલીસ પોલીસના કર્મચારીઓને કોર્ટમાં ઉપસ્થિત રહેવા હુકમ

ગુજરાત હાઈકોર્ટમાં પાટણ પોલીસ સામે એક કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરવામાં આવી છે. જેની ઉપર આજે થયેલી સુનવણી ગુજરાત હાઈકોર્ટે નોટિસ પાઠવી છતાં જવાબદાર પોલીસ કર્મચારીઓ સમક્ષ ઉપસ્થિત ન થતા, અરજદારે કોર્ટ સમક્ષ ફરિયાદ કરી હતી. જેથી, કોર્ટે જવાબદાર પોલીસ કર્મચારીઓને આગામી 14 ઓક્ટોબરના રોજ કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેવા માટે હુકમ કર્યો છે. આ કેસ મુજબ 18 માર્ચના રોજ પાટણ જિલ્લાના ચાણસ્મામાં બે સમાજ વચ્ચે તકરાર સર્જાઈ હતી. ત્યારે પોલીસ દ્વારા ચાણસ્મા LCB ઓફિસથી ST સ્ટેન્ડ સુધી 1 કિલોમીટર કરતા વધારે અંતર દરમિયાન એક સમાજના આરોપીઓને દોરડાથી બાંધી 30થી 40 પોલીસ ઓફિસર્સ અને કર્મચારીઓ દ્વારા જાહેરમાં પરેડ કરાવવાનો આક્ષેપ છે. એક સમાજનાં લોકોનું સરઘસ કાઢવાનો તેમજ જાહેરમાં લોકોની સન્મુખ લાકડી વડે અને પટ્ટાથી કથિત આરોપીઓને માર મારવામાં આવ્યો હોવાનું અરજીમાં જણાવ્યું છે. તેમજ જે ગુન્હો પુરવાર થયો નથી તેની જાહેરમાં માફી મંગાવા માટે પોલીસ દ્વારા બળ આચરવામાં આવેલ છે. આ કૃત્ય સુપ્રીમ કોર્ટના આદેશોના ભંગ અને DGPના આદેશનો ભંગ છે.

### ડમી કંપની ઊભી કરી કમિશન એજન્ટે દંપતીને ₹47.28 લાખનો ચૂનો લગાવ્યો : હિસાબ માંગતાં સમગ્ર ખેલ સામે આવ્યો

અમદાવાદના ગોતામાં હિમાલયા ગ્રેનાઈટ નામથી માર્બલનો બિઝનેસ કરતા દંપતી સાથે તેમના જ કમિશન એજન્ટે 47.28,596લાખની છેતરપિંડી કરી હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. દંપતી પરિવારમાં અવસાન થતાં કામમાં વ્યસ્ત હતા તેનો લાભ લઈને આરોપીએ ઉદ્યમ સર્ટિફિકેટના આધારે ફરિયાદીની કંપનીના નામ સાથે મળતી આવતી એક બનાવટી કંપની ઉભી કરીને પોતે કંપનીનો ભાગીદાર હોવાની ખોટી ઓળખ આપીને પેમેન્ટના બાકી રૂપિયા 47,28,596 પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. જે અંગે સોલા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જગતપુરમાં રહેતા મેઘા રાવલ પતિ સાથે ગોતામાં હિમાલયા ગ્રેનાઈટ નામથી માર્બલ અને સ્ટોનનો બિઝનેસ કરે છે. જાન્યુઆરી 2025માં તેઓ જય કાર્તિકભાઈ રાવલને મળ્યા હતા. તેણે કમિશનના બદલામાં ડી. એન. એમ ઈન્ટીરીયર કંપની તરફથી ટાઈલ્સ અને ગ્રેનાઈટના ઓર્ડર અપાવવાની વાત કરી હતી. જે બાદ મેઘાબેનની કંપનીએ એપ્રિલ 2025થી જૂન 2026 સુધી ડી.એન.એમ ઈન્ટીરીયરને માલ સપ્લાય કર્યો હતો અને શરૂઆતમાં જય રાવલને તેનું કમિશન પણ આપ્યું હતું.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI